RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 27-05-2026 I VOL : 12 I Issue : 71 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

આવડત કેવી રાખો કે તમને હરાવવા માટે કોશિશ નહીં પણ કાવતરા કરવા પડે

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  384 કરોડમાંથી માત્ર 82.47 કરોડ જ ખર્ચાતા જનતામાં ઉઠ્યા અનેક સવાલો


4  ઇતિહાસના પાનાઓમાં ખોવાઇ ગયેલું વીરતાનું અમર પાત્ર

6  નવી ફિલ્મ આવતાં જ ફરી અનન્યા પાંડે ટ્રોલર્સને હાથ ચડી

7  T20માં પહેલી બેવડી સદી ફટકારીશ: વૈભવ સૂર્યવંશી

## એક નજર...

### 'બિગ બોસ' ફેમ નિક્કી તંબોલીએ કરાવ્યું બોલ્ડ ફોટોશૂટ



'બિગ બોસ' ફેમ નિક્કી તંબોલી જે પોતાના ગ્લેમરસ અંદાજથી ચર્ચામાં રહે છે. અભિનેત્રીએ સ્ટાઈલિશ ફોટોશૂટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. એક્ટ્રેસનો ગ્લેમરસ અંદાજ જોઈને ચાહકોના હૃદયના ધબકારા વધી ગયા છે. નિક્કી પોતાના ગ્લેમરસ લૂકને લઈ સોશિયલ મીડિયા પર હેડલાઈન્સમાં રહે છે.

# પેટ્રોલ-ડીઝલ બાદ CNG ₹2 મોંઘો

## 12 દિવસમાં જ ₹6નો વધારો, મોંઘવારીનો માર

નવી દિલ્હી

ઈરાન યુદ્ધ વચ્ચે કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ એટલે કે CNGના ભાવ છેલ્લા બે અઠવાડિયામાં ચોથી વખત વધ્યા છે. ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL)એ આજે મંગળવાર, 26 મેના રોજ CNG 2 પ્રતિ કિલોગ્રામ મોંઘો કરી દીધો છે. દિલ્હી-NCR સહિત ઘણા શહેરોમાં આ ભાવ વધારવામાં આવ્યા છે. દિલ્હી અને NCRના શહેરોમાં હવે આ નવા રેટ્સ હશે દિલ્હીમાં CNG ની કિંમત 81.09 પ્રતિ કિલોથી વધીને હવે 83.09 પ્રતિ




કિલો થઈ ગઈ છે. નોઈડા, ગાઝિયાબાદ અને ગ્રેટર નોઈડામાં હવે ગ્રાહકોને CNG માટે 91.70 ચૂકવવા પડશે. ગુરુગ્રામમાં CNG ની કિંમત વધીને 88.12 પ્રતિ કિલોગ્રામ કરી દેવામાં આવી છે. તેલ કંપનીઓએ ગઈકાલે પેટ્રોલ 2.61 પ્રતિ લિટર અને ડીઝલ 2.71 પ્રતિ લિટર મોંઘું કર્યું. આ વધારા પછી દિલ્હીમાં હવે એક લિટર પેટ્રોલની કિંમત 102.12 અને ડીઝલની કિંમત 95.20 થઈ ગઈ છે. પેટ્રોલ-ડીઝલ અને CNGના ભાવમાં શા માટે વધારો થયો? આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થાય તે પહેલાં ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા, જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાનની ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે.

જો ક્રૂડ ઓઈલના ભાવમાં લાંબા સમય સુધી તેજી જળવાઈ રહેશે તો પેટ્રોલ-ડીઝલ અને CNGના ભાવ હજુ પણ વધી શકે છે. CNG ગાડીઓનું વેચાણ 50% સુધી વધ્યું છેલ્લા ત્રણ વર્ષમાં ભોપાલમાં CNG ગાડીઓનું વેચાણ 50% સુધી વધ્યું છે. શોરૂમમાંથી દરરોજ CNG આધારિત 10 થી 15 ગાડીઓ વેચાઈ રહી છે. આનું મુખ્ય કારણ પેટ્રોલ-ડીઝલની સરખામણીમાં CNG થી વધુ એવરેજ મળવું છે. તેમજ, CNG ના ભાવ પણ ઓછા છે. ઈંધણની કિંમતોમાં આ મહિને આ ચોથો વધારો છે 25 મેના રોજ પેટ્રોલ 2.61 પ્રતિ લિટર અને ડીઝલ 2.71 પ્રતિ લિટર મોંઘું. 23 મેના રોજ પેટ્રોલ 87 પૈસા, ડીઝલ 91 પૈસા મોંઘું કરવામાં આવ્યું હતું. 19 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સરેરાશ 90 પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. 15 મેના રોજ પણ કિંમતોમાં 3 પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો.

## ઈરાન સંકટ વચ્ચે દિલ્હીમાં ક્વોડની બેઠક: દરિયાઈ સુરક્ષા-ક્રિટિકલ મિનરલ્સ પર ચર્ચા

નવી દિલ્હી

વૈશ્વિક અનિશ્ચિતતા અને મિડલ ઈસ્ટમાં વધતા જતાં સૈન્ય તણાવ વચ્ચે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનના સંગઠન ક્વાડના વિદેશ મંત્રીઓની નવી દિલ્હીમાં હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી. ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ચારેય લોકતાંત્રિક દેશોએ મુક્ત અને સુરક્ષિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે એક થઈને કામ કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે. ઈરાન સંઘર્ષને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય અને દરિયાઈ વેપાર ખોરવવાની આશંકાઓ વચ્ચે ક્વાડ દેશોએ મેરિટાઈમ સર્વેલન્સ (સમુદ્રી નજર રાખવી), પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રિટિકલ મિનરલ્સ(મહત્ત્વના ખનિજો)ને લઈને શ્રેણીબદ્ધ નવી પહેલોની જાહેરાત કરી છે. વૈશ્વિક વેપારનો લગભગ 60 ટકા હિસ્સો ઈન્ડો-પેસિફિક (હિંદ-પ્રશાંત) ક્ષેત્રમાંથી પસાર થાય છે. તેને સુરક્ષિત રાખવા માટે બેઠકમાં મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં મેરિટાઈમ સર્વેલન્સ ઈનિશિયેટિવ અંતર્ગત અમેરિકાના વિદેશ મંત્રી (સેક્રેટરી ઓફ સ્ટેટ) માર્કો રુબિયોએ નવી પહેલની જાહેરાત કરી છે, જે અંતર્ગત ચારેય દેશો પોતાની નજર રાખવાની ક્ષમતાઓને એકબીજા સાથે જોડશે અને રીઅલ-ટાઈમ ડેટા શેર કરશે. ફિજીમાં પ્રથમ સંયુક્ત પોર્ટ પ્રોજેક્ટ અંતર્ગત પ્રશાંત મહાસાગરમાં ચીનના વધતા પ્રભાવને કાઉન્ટર કરવા માટે ક્વાડ દેશો સંયુક્ત રીતે ફિજી (Fiji) દેશમાં પોર્ટ (બંદર) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરશે. ક્વાડનો આ પ્રકારનો આ પ્રથમ સંયુક્ત પ્રોજેક્ટ છે. ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોન્ગે જણાવ્યું હતું કે, ઈરાન દ્વારા વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ રૂટને બંધ કરવાની ધમકીઓ વચ્ચે ક્વાડ દ્વારા ઈન્ડો-પેસિફિક એનર્જી સિક્યોરિટી ઈનિશિયેટિવ શરૂ કરવામાં આવી છે.

# પીરિયડ્સના કારણે દીકરીઓનું ભણતર ન બગડવું જોઈએ: સુપ્રીમ

## કોંગ્રેસ નેતાની અરજી પર સુપ્રીમ કોર્ટની કડકાઈ, ગ્રાઉન્ડ રિપોર્ટના નામે માત્ર ભવિષ્યના રોડમેપ

નવી દિલ્હી

શાળાઓમાં ભણતી દીકરીઓના સ્વાસ્થ્ય અને સુવિધાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે એક ખૂબ જ મહત્ત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કડક સૂચના આપી છે કે આગામી 15 ઓગસ્ટ સુધીમાં દરેક શાળામાં માસિક ધર્મ સ્વચ્છતા (મેન્સ્ટ્રુઅલ હાઈજીન)ને લગતી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે. આ વ્યવસ્થા ગોઠવ્યા બાદ સરકારે તેના પાલનનો રિપોર્ટ



પણ કોર્ટમાં જમા કરાવવો પડશે, જેથી દીકરીઓને શાળાઓમાં કોઈ તકલીફ ન પડે અને તેઓ વિના સંકોચે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે આ બાબતની આગામી સુનાવણી સપ્ટેમ્બર મહિનામાં હાથ ધરવામાં આવશે, જેમાં કયા રાજ્યે કેટલું કામ કર્યું છે તેની સમીક્ષા કરાશે. આ સમગ્ર મામલો કોંગ્રેસ નેતા જયા ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) પર આધારિત છે. આ અરજીમાં શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે મફત સેનિટરી નેપકિન અને કાર્યરત શૌચાલયો પૂરા પાડવાના અગાઉના ચુકાદાના અમલીકરણની સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે. અગાઉ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યોને આ દિશાનિર્દેશો લાગુ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો, જેમાં જાગૃતિ કાર્યક્રમો અને કચરાના સુરક્ષિત નિકાલની વ્યવસ્થા પણ સામેલ હતી. કોર્ટની સુનાવણી દરમિયાન અરજદારે કેન્દ્ર સરકારના રિપોર્ટ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે સરકારે કોર્ટમાં જે જવાબ રજૂ કર્યો છે, તેમાં ખરેખર શું કામ થયું છે તેનો કોઈ સાચો અહેવાલ જ નથી. સરકાર માત્ર ભવિષ્યમાં શું કરશે, કેવા સુધારા લાવશે અને આગળનો પ્લાન શું છે તેની જ વાતો કરી રહી છે, જેને કોર્ટના આદેશનું સાચું પાલન ન કહી શકાય. ચિંતાની વાત તો એ છે કે દેશના તમામ રાજ્યોમાંથી અત્યાર સુધી માત્ર એકલા ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશે જ આ સુવિધાઓ પૂરી પાડી હોવાનો અહેવાલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. અરજીમાં નીતિ આયોગના વર્ષ 2026ના એક ચોંકાવનારા અહેવાલનો હવાલો આપવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, દેશની 98,592 સરકારી શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે કાર્યરત શૌચાલયો જ નથી, જ્યારે 61,540 શાળાઓ એવી છે જ્યાં ઉપયોગ કરી શકાય તેવું એક પણ શૌચાલય નથી. આ ઉપરાંત રાજ્યો દ્વારા આ યોજના માટે પૂરતું બજેટ પણ ફાળવવામાં આવતું નથી.

## NEWS TRACK

### તાત્કાલિક કિવ શહેર ખાલી કરો! વિદેશી નાગરિકોને રશિયાનું અલ્ટિમેટમ

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા સાડા ચાર વર્ષથી ચાલી રહેલું લોહિયાળ યુદ્ધ હવે અત્યંત ભયાનક અને નિર્ણાયક વળાંક પર પહોંચી ગયું છે. યુક્રેનના પાટનર્ગર કિવ પર યુદ્ધની શરૂઆત પછીના સૌથી મોટા હવાઈ હુમલા કર્યા બાદ, હવે રશિયાએ સત્તાવાર રીતે કિવ પર ક્રમબદ્ધ હુમલા કરવાની ખુલ્લી ધમકી આપી છે. રશિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદન જાહેર કરીને તમામ વિદેશી નાગરિકો અને ડિપ્લોમેટ્સને કિવ શહેર વહેલી તકે છોડી દેવા અલ્ટીમેટમ આપી દીધું છે. રશિયાએ ચેતવણી આપી છે કે હવે પછીના હુમલાઓ યુક્રેનના મુખ્ય 'ડિસિઝન-મેકિંગ સેન્ટર્સ' એટલે કે સરકારી કચેરીઓ અને કમાન્ડ પોસ્ટ્સ પર કરવામાં આવશે, તેથી સામાન્ય નાગરિકો વહીવટી અને સૈન્ય ઈમારતોથી દૂર રહે. શનિવાર અને રવિવારની આખી રાત રશિયાએ કિવ અને તેની આસપાસના વિસ્તારો પર સેંકડો ડ્રોન, બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઈલથી હુમલા કર્યા હતા. આ હુમલામાં રશિયાએ કિવથી માત્ર 90 કિલોમીટર દૂર આવેલા બિલા ત્સેર્કવા (Bila Tserkva) વિસ્તાર પર પોતાની અત્યંત ઘાતક હાયપરસોનિક 'ઓરેશ્નિક' મિસાઈલ પણ છોડી હતી.

### ઈઝરાયલ સાથેના સંબંધને લઈને પાકિસ્તાને ટ્રમ્પની ઓફર ફગાવી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને ઈઝરાયલ સાથે દોસ્તી કરવા માટે એક ખાસ વિનંતી કરી હતી, જેને પાકિસ્તાને સાફ શબ્દોમાં ઠુકરાવી દીધી છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મોહમ્મદ આસિફે સ્પષ્ટ કર્યું છે કે, અમારું વલણ પહેલેથી જ નક્કી છે અને અમને ઈઝરાયલ સાથે કોઈ પણ કિંમતે દોસ્તી મંજૂર નથી. નોંધનીય છે કે, ટ્રમ્પે પાકિસ્તાન ઉપરાંત સાઉદી અરેબિયા અને કતાર જેવા મુસ્લિમ દેશોને પણ ઈઝરાયલ સાથે સંબંધો સુધારવા માટે 'અબ્રાહમ અકોર્ડ' કરાર પર સહી કરવા માટે દબાણ કર્યું હતું. ટ્રમ્પની શરત પાકિસ્તાન માટે માનવી અશક્ય અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સામે એક એવી શરત મૂકી છે, જેને સ્વીકારવી તેના માટે જરાય સરળ નથી. પાકિસ્તાન દુનિયાભરમાં ઈઝરાયલના સૌથી કટ્ટર વિરોધી દેશોમાં ગણાય છે. ટ્રમ્પે પાકિસ્તાન સહિતના મુસ્લિમ દેશોને 'અબ્રાહમ અકોર્ડ'માં જોડાઈને ઈઝરાયલ સાથે કૂટનીતિક સંબંધો શરૂ કરવા આગ્રહ કર્યો હતો. ત્યારે તેમણે ચોખ્ખો જવાબ આપતા કહ્યું કે, વ્યક્તિગત રીતે મને નથી લાગતું કે આપણે કોઈ એવા કરારમાં સામેલ થવું જોઈએ જે આપણા મૂળભૂત સિદ્ધાંતો અને નિયમોની વિરુદ્ધ હોય.

# મંદસૌર ચાતુરમાસ પર ખંડણી ગેંગની નજર: આસ્થાના મહાપર્વમાં વિઘ્ન નાખનારા પાખંડીઓ બેનકાબ!

## બ્લેકમેલરો સામે જૈન સમાજ એકજૂથ; ખોટી અફવાઓ અને ફેક ફોટો ફેલાવનારાઓ પર પોલીસનો સિકંજો શરૂ




મંદસૌર

મધ્ય પ્રદેશની ઐતિહાસિક નગરી મંદસૌરમાં આ વખતે જૈન ધર્મના ઈતિહાસનું સૌથી ભવ્યાતિભવ ચાતુરમાસ આયોજિત થવા જઈ રહ્યું છે. આ પ્રથમ એવો અવસર છે જ્યારે મંદસૌર જૈન તીર્થધામ પર એક સાથે 5-5 પૂજ્ય આચાર્ય ભગવંતોનું પાવન મંગલ પ્રવેશ અને સ્થિરતા થવા જઈ રહી છે. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, શ્રી સાગરચંદ્રસાગર જી મહારાજ સાહેબ તેમજ શ્રી સોમયચંદ્રસાગર જી મહારાજ સાહેબ જેવા મહાન સંતોની નિશ્રામાં આખું મંદસૌર અને મધ્ય પ્રદેશનો જૈન સમુદાય ભક્તિના સાગરમાં ડૂબકીઓ લગાવી રહ્યો છે. સમસ્ત મંદસૌર જૈન શ્રી સંઘ દ્વારા આયોજિત આ ચાતુરમાસને લઈને ભક્તોમાં અભૂતપૂર્વ ઉત્સાહ છે. પરંતુ, આ પાવન અને ભક્તિમય વાતાવરણને કેટલાક સમાજકંટકો અને ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો પોતાની ગંદી નજરોથી દૂષિત કરવાનો કુત્સિત પ્રયાસ કરી રહ્યા છે.

### કથિત પત્રકારો અને બ્લેકમેલરોની ત્રિપુટીની ઘૃણાસ્પદ રમત

જેવા જ મંદસૌરમાં આ ઐતિહાસિક ચાતુરમાસની જાહેરાત થઈ, સમાજમાં છુપાયેલા કેટલાક આસ્તીનના સાપ અને ખંડણીખોરો સક્રિય થઈ ગયા. પોતાને જૈન સમુદાયના હિતેચ્છુ હોવાનો ઢોંગ કરનારો કથિત પત્રકાર હાર્દિક હુડિયા, ગુનાહિત માનસિકતા ધરાવતો જગત પારેખ, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી સોશિયલ મીડિયાના માધ્યમથી સતત ઝેર ઓકી રહ્યા છે. આ એવા ચહેરા છે જે દિવસ-રાત જૈન સમાજને તોડવાનો અને સંતોની સાધનામાં વિઘ્ન નાખવાનો કુત્સિત પ્રયાસ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર ભ્રામક અને ખોટી અફવાઓ ફેલાવીને એમનો એકમાત્ર હેતુ આ પાવન ચાતુરમાસને ગમે તે રીતે રોકવાનો અને જૈન સંઘને માનસિક રીતે પ્રતાડિત કરવાનો છે.

### ભગવાન મહાવીરનો પણ ડર નથી, ચાતુરમાસની આડમાં ખંડણીનું ષડયંત્ર!

આસ્થા પર પ્રહાર કરનારા આ પાખંડીઓને ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને કર્મોના ફળનો પણ કોઈ ડર રહ્યો નથી. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાતુરમાસમાં અવરોધ ઊભો કરવાની અને સંતોની છબી ખરાબ કરવાની ધમકી આપીને આ આખી મંડળી જૈન સંઘ પાસેથી મોટી ખંડણી વસૂલવાનું ગંદું ષડયંત્ર રચી રહી હતી. પરંતુ આ વખતે આ બ્લેકમેલરોનો પલ્લો એક જાગ્રત અને જાગરૂક સમાજ સાથે પડ્યો છે.

### મોટો ખુલાસો: ફેક તસવીરો અને ખોટા સમાચારો થયા નિષ્ફળ

આ ગેંગે પોતાના ષડયંત્રના ભાગરૂપે એક રાષ્ટ્રીય સમાચાર પત્રને ગેરમાર્ગે દોરીને આ ખોટા સમાચાર છપાવ્યા હતા. પરંતુ જ્યારે એ પ્રતિષ્ઠિત સમાચાર પત્રને સત્યની ખબર પડી, ત્યારે તેમણે ફરીથી આ બકવાસને કોઈ સ્થાન આપ્યું નહીં. સત્યનો વિજય થયો. જૈન શ્રી સંઘે પૂજ્ય સંતોને સંપૂર્ણપણે ક્લીનચિટ આપી દીધી છે અને તપાસમાં એ સાબિત થઈ ચૂક્યું છે કે ઈન્ટરનેટ પર ફેલાવવામાં આવી રહેલા તમામ ફોટા અને દસ્તાવેજો સંપૂર્ણપણે ફેક અને એડિટ કરેલા છે.

### સાગર સમુદાયની વધતી લોકપ્રિયતાથી પેટમાં દુખાવો, પાછળ કોણ છે માસ્ટરમાઇન્ડ?

નવાઈની વાત એ છે કે આ વિવાદને હવા આપનારા આરોપીઓનો ન તો સાગર સમુદાય સાથે કોઈ સંબંધ છે અને ન તો તેઓ જૈન સંઘ સાથે જોડાયેલા છે. તો પછી સાગર સમુદાય વિરુદ્ધ આ સુઆયોજિત ષડયંત્ર કેમ? અસલમાં, સાગર સમુદાયની વધતી લોકપ્રિયતા અને જે સંઘો સાથે આ લોકો જોડાયેલા છે, તેમની ઘટતી જતી શાખ જ આ વિવાદનું સાચું કારણ છે. જૈન સમુદાયને અંદરોઅંદર લડાવીને તોડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. સવાલ એ ઊભો થાય છે કે આ પંજાબના મહોરાઓની પાછળ અસલી માસ્ટરમાઈન્ડ કોણ છે, જે સાગર સમુદાયને બદનામ કરવા માટે આ લોકોને મહોરાની જેમ વાપરી રહ્યો છે?

### કરારો જવાબ: સમાજ થયો એકજૂથ, પોલીસ કાર્યવાહી શરૂ

આ કલંકિત અને પાખંડી તત્વોના મનસૂબાઓ પર પાણી ફેરવતા આખા મધ્ય પ્રદેશનો જૈન સમાજ હવે પહાડની જેમ એકજૂથ થઈ ગયો છે. સમાજ વિરોધી આ ચહેરાઓને સંપૂર્ણપણે ઓળખી લેવામાં આવ્યા છે. આ મામલાની ગંભીરતાને જોતા પોલીસ પ્રશાસને પણ આ બ્લેકમેલરો વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી અને સિકંજો કસવાનું શરૂ કરી દીધું છે.

### મહાનગર મેટ્રોનું સ્ટેન્ડ: સમાજમાંથી બહાર ફેંકી દેવાનો સમય

આવા ધન-લોભી, બ્લેકમેલર અને સંતોની નિંદા કરનારા કલંકિત વ્યક્તિઓને જૈન સમાજમાંથી તાત્કાલિક બહિષ્કૃત (બહાર) કરી દેવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ આસ્થા સાથે રમત રમવાની હિંમત ન કરી શકે. સાધુને કુસાધુ કહેવાનો હક આ લોકોને આખરે કોણે આપ્યો છે? મહાનગર મેટ્રો ન્યૂઝે વારંવાર મુખ્ય આરોપી જગત પારેખને ફોન કરીને સામે આવવા અને પુરાવા રજૂ કરવા કહ્યું, પરંતુ સત્યનો સામનો કરવાને બદલે તે માત્ર બહાના બનાવતો રહ્યો. ફેક ફોટોના સહારે બ્લેકમેલિંગ કરનારી આ આખી ગેંગ જ કથિત તોડબાજ છે, જેમનું કામ જૈન મુનિઓને બદનામ કરવા સિવાય બીજું કંઈ નથી. મહાનગર મેટ્રો ન્યૂઝ હંમેશા સત્યનો અવાજ રહ્યો છે અને રહેશે. અમારા આ નિષ્પક્ષ અને સાચા સમાચારે આ બ્લેકમેલરોની જડો હચમચાવી દીધી છે. મહાનગર મેટ્રો દરેક પરિસ્થિતિમાં જૈન સમુદાય, જૈન શ્રી સંઘ અને પૂજ્ય સંતોની સાથે અડીખમ ઊભું છે અને સમાજને ખોખલો કરનારા આવા પાખંડીઓને બેનકાબ કરવાનું પોતાનું પત્રકારત્વ ધર્મ નિભાવતું રહેશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# રાજકોટમાં તબીબી આલમને કલંકિત કરતી ઘટના : મેડિકેર હોસ્પિટલના ડો. અમિત વરસાણીની ઘોર બેદરકારી

રાજકોટ

રાજકોટની જાણીતી મેડિકેર હોસ્પિટલ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. સામાન્ય તાવની સારવાર માટે આવેલી એક મહિલા દર્દી ડોક્ટરની ઘોર બેદરકારીનો ભોગ બની હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હોસ્પિટલના ડો. અમિત વરસાણી દ્વારા સારવાર દરમિયાન આપવામાં આવેલા હેવી ડોઝને કારણે મહિલાએ પોતાના વાળ ગુમાવ્યા છે અને તેમની શરીરની ચામડી પણ ઉખડી ગઈ છે. આટલું જ નહીં, આ ખોટી સારવારની આડઅસરને કારણે મહિલાને ડાયાબિટીસ જેવી ગંભીર બીમારી પણ લાગુ પડી ગઈ છે.

પીડિત પરિવારનો આક્ષેપ છે કે હોસ્પિટલ તંત્ર દ્વારા સારવારના નામે અધધ ૨૫ લાખ રૂપિયાનું બિલ વસૂલવામાં આવ્યું હતું. આટલી મોટી રકમ ચૂકવવા છતાં દર્દી સાજી થવાને બદલે શારીરિક અને માનસિક રીતે બરબાદ થઈ ગઈ છે. પૈસા પણ ગયા અને સ્વાસ્થ્ય પણ ખોવાયું, જેને કારણે પરિવાર હાલ ભારે આઘાતમાં છે. આ સમગ્ર મામલે ન્યાય મેળવવા માટે પીડિત પરિવારે કલેક્ટરથી લઈને રાજ્યના આરોગ્ય મંત્રી સુધી લેખિત રજૂઆતો કરી હતી. આ ઉચ્ચ સ્તરીય રજૂઆતો બાદ મેડિકલ કાઉન્સિલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ આશ્ચર્યજનક રીતે કાઉન્સિલે ડો. અમિત વરસાણીને માત્ર સામાન્ય ઠપકો આપીને સંતોષ માની લીધો છે. માનવ જિંદગી સાથે રમત રમનાર ડોક્ટર સામે આટલી હળવી કાર્યવાહી થતાં પરિવારમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. મેડિકલ કાઉન્સિલની ઢીલી કામગીરીથી અસંતુષ્ટ પરિવાર હવે આરપારના મૂડમાં છે.

# કાલોલ પોલીસની મોટી સફળતા : સજા વોરંટના બે નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી પોલીસ

કાલોલ, સેહજાદ પઠાણ

પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે એક સંયુક્ત ઓપરેશન દરમિયાન હાલોલ કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવી હોય તેવા બે વોરંટના આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા જિલ્લામાં વોરંટના આરોપીઓને પકડવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. જેના આધારે કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ભરવાડ તથા સર્વેલન્સ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદારો અને હ્યુમન ટેકનીકલ સોર્સીસ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી બે આરોપીઓને ઝડપી લીધા હતા: હિતેન્દ્રભાઇ નરવતભાઇ બારીઆ (રહે. ઉતરેડીયા, તા. કાલોલ, જી. પંચમહાલ) ગુનો: નામદાર એડી.ચીફ.જ્યુ.મેજી સા.શ્રીની કોર્ટ હાલોલના ક્રિમીનલ કેસ નં. ૮૯૧/૨૪ ના કામે 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮' (ચેક બાઉન્સ) હેઠળના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા થયેલ હતી. તે પોતાના ઘરે હાજર હોવાની બાતમી મળતા તેને પકડી પાડવામાં આવ્યો હતો.

લાખાજી ગમાજી વણઝારા (રહે. ગોળીબાર, તા. કાલોલ, જી. પંચમહાલ) ગુનો: નામદાર એડી.ચીફ.જ્યુ.મેજી સા.શ્રીની કોર્ટ હાલોલના ક્રિમીનલ કેસ નં. ૬૮/૨૫ ના કામે 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮' હેઠળના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા થયેલ હતી. તે મધવાસ ચોકડી પાસે ઉભો હોવાની બાતમી મળતા તેને ત્યાંથી ઝડપી લેવાયો હતો.

# વેજલપુર ગામે નવા મકાનના આંગણામાંથી મોટરસાયકલની ચોરી થતા નોંધાઈ ફરિયાદ

કાલોલ, સેહજાદ પઠાણ

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં આવેલા વેજલપુર ગામેથી એક મોટરસાયકલ ચોરી થવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના અંગે વાહન માલિકે ઓનલાઇન ઈ-એફ. આઈ.આર. નોંધાવ્યા બાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.ફરિયાદી મોહંમદ સોયેબ અહેમદ ગુંગલા (ઉંમર વર્ષ ૩૧, ધંધો: કડીયાકામ, રહે. મોટા ધાંચીવાડા, વેજલપુર) ના જણાવ્યા અનુસાર, ગત તારીખ ૨૧/૦૫/૨૦૨૬ના રોજ તેઓ મજુરી કામેથી પરત ફરીને રાત્રિના આશરે ૨૨:૩૦ વાગ્યે પોતાની મોટરસાયકલ હીરો એચ.એફ. ડિલક્ષ (ગ્રે તથા બ્લેક કલર) રજીસ્ટ્રેશન નંબર: GJ-23-DH-164 સ્ટેરીંગ લોક કરીને અલી મસ્જીદ પાસે આવેલા પોતાના નવા મકાનના આંગણામાં મૂકીને સૂઈ ગયા હતા.બીજા દિવસે સવારે ૦૭:૩૦ વાગ્યે જાગીને જોતાં તેમની મોટરસાયકલ ઘટનાસ્થળે મળી આવી ન હતી. આજુબાજુના વિસ્તારમાં અને ગામમાં શોધખોળ કરવા છતાં બાઇકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. કોઈ અજાણ્યા ચોર ઈસમો સ્ટેરીંગ લોક તોડીને વાહનની ચોરી કરી ગયા હોવાનું જણાતાં આખરે ફરિયાદીએ ઓનલાઈન પોર્ટલ પર ઈ-એફ.આઈ.આર. કરી હતી જે બાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મોટરસાયકલ આશરે કિંમત: રૂ. ૨૦,૦૦૦/- ની ચોરીનો અજાણ્યા ઈસમ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# સ્વાદના શોખીન ગુજરાતીઓ સાથે ફ્રેન્ચાઈઝીના નામે મોટી છેતરપિંડી

ભરૂચ

ખાવા અને ખવડાવવાના શોખીન એવા ગુજરાતીઓની આ નબળાઈનો ફાયદો ઉઠાવીને ભરૂચના એક શાતિર પતિ-પત્નીએ 'બંટી-બબલી' બનીને લાખો રૂપિયાનું ફૂડ ફ્રેન્ચાઈઝી કૌભાંડ આચર્યું છે.

'ક્રાફ્ટ કુલચા' (Craft Kulcha) નામની બ્રાન્ડ હેઠળ દેશભરમાં મોટા-મોટા આઉટલેટ્સ ખોલવાની ગુલાબી પાંખો આપી, રોકાણકારોથી લઈને ગરીબ મહિલા મજૂરો સુધીના તમામ લોકોને આ ભેજબાજ દંપતીએ ચુનો લગાવ્યો છે. જોકે, પાપનો ઘડો ભરાતા આખરે આ ઠગ ટોળકી પોલીસના સિકંજામાં આવી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ભરૂચના ભારતીનગરમાં રહેતા આ પતિ-પત્નીએ આખા દેશમાં 'ક્રાફ્ટ કુલચા'ના ૬૦ જેટલા આઉટલેટ્સ શરૂ કરવાનું મોટું નેટવર્ક ઊભું કર્યું હતું. બ્રાન્ડિંગ જોઈને અનેક રોકાણકારો આ જાળમાં ફસાયા અને ફ્રેન્ચાઈઝી લેવાના નામે લાખો રૂપિયાનું આંધળું રોકાણ કરી દીધું.

કામદાર મહિલાઓ અને સ્ટાફના પગાર પણ ઓહિયાં કરી ગયા!

આ કૌભાંડ માત્ર રોકાણકારો પૂરતું સીમિત નથી, આ દંપતીની ક્રૂરતા તો જુઓ:

૪૦ મહિલાઓ બેરોજગાર: ફ્રેન્ચાઈઝી માટે ફાસ્ટફૂડની સામગ્રી અને મસાલા તૈયાર કરવા માટે રાખેલી ૪૦ જેટલી સ્થાનિક ગરીબ મહિલાઓના ૩-૩ મહિનાના પગાર આ દંપતી ખાઈ ગયું.

૫૦ કર્મચારીઓ રસ્તા પર: દેશભરમાં જે ૧૮ જેટલા કાફે માંડ-માંડ ઓપન થયા હતા, તેના ૫૦ જેટલા કર્મચારીઓને એક પણ રૂપિયો આપ્યા વગર આ દંપતી રાતોરાત બધું સમેટીને રફુચક્કર થઈ ગયું હતું.

પોલીસે બંટી-બબલીના મનસૂબા પર ફેરવ્યું પાણી : પગાર ન મળતા અને કાફે બંધ થઈ જતા ભોગ બનનારાઓએ પોલીસના દ્વાર ખખડાવ્યા હતા. ભરૂચ પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને અલગ-અલગ ટીમો બનાવી, લોકેશન ટ્રેસ કરીને આ ફરાર ભેજબાજ દંપતીને દબોચી લીધું છે. હાલ પોલીસ આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા અને કુલ કેટલા લાખ કે કરોડની ઠગાઈ થઈ છે તેની આંકડાકીય તપાસ ચલાવી રહી છે.

### સુરતના સોલાર માફિયાઓ રડારમાં

# મારા સોલારમાં એક કટકો પણ ચાઈનીઝ નથી કહેનારા સફેદ કોલર ઉદ્યોગપતિના કાળા કામ પર DRIની નજર...

ચાઈનાથી વાયા મલેશિયા સામાન લાવી કરોડોની ડ્યુટી ચોરીનું મોટું કૌભાંડ: પત્રકારો સામે શેખી મારનારા હોંશિયાર ઉદ્યોગપતિની કંપની સામે તપાસનો ગાળિયો મજબૂત



સુરત

સોલાર ઉદ્યોગના નામે દેશભક્તિના મોટા-મોટા બણગાં ફૂંકતા અને સફેદ કોલર પહેરીને ફરતા સુરતના ઉદ્યોગપતિઓ હવે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) ની કડક રડારમાં આવ્યા છે.

સોલાર પેનલ અને તેના સ્પેરપાર્ટ્સની આયાતમાં ચાઈના પર નિર્ભરતા હોવા છતાં, કાયદાની આંખમાં ધૂળ નાખીને કરોડો રૂપિયાની કસ્ટમ ડ્યુટી ચોરી કરવાનું એક મોટું નેટવર્ક ઝડપાયું છે, જેમાં સુરતના એક અગ્રણી ઉદ્યોગપતિનું નામ મોખરે આવી રહ્યું છે.

ભારત સરકાર દ્વારા સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને ચાઈનીઝ માલ પર નિયંત્રણ મેળવવા માટે ડ્યુટીના ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા છે. પરંતુ સુરતના કેટલાક શાતિર ઉદ્યોગપતિઓએ આનો પણ તોડ શોધી કાઢ્યો હતો: ચાઈનાથી ડાયરેક્ટ માલ લાવવાને બદલે તેને વાયા મલેશિયા રૂટ પર ડાયવર્ટ કરવામાં આવતો હતો. કાગળ પર એવું દર્શાવવામાં આવતું કે આ માલ મલેશિયાથી આવી રહ્યો છે. આ આખી ગોલમાલ પાછળનો મુખ્ય હેતુ 7.5 ટકા લેખે થતી કરોડો રૂપિયાની કસ્ટમ ડ્યુટીની ચોરી કરવાનો હતો. એક કટકો પણ ચાઈનીઝ નથીની શેખી મારવી ભારે પડી: સોલાર ક્ષેત્ર સાથે સંકળાયેલા મોટાભાગના પ્રમાણિક નિર્માતાઓ જાહેરમાં સ્વીકારે છે કે સોલારના રો-મટિરિયલ અને સાધનો માટે ભારતીય ઉદ્યોગોએ અમુક અંશે ચાઈના પર નિર્ભર રહેવું જ પડે છે. પરંતુ સુરતના એક અતિ હોંશિયાર ગણાતા ઉદ્યોગપતિએ થોડા સમય પહેલાં જ પત્રકારો અને મીડિયા સમક્ષ મોટી-મોટી વાતો કરી હતી. તેમણે ગર્વથી દાવો કર્યો હતો કે, 'મારી કંપનીની સોલાર પેનલમાં એક કટકો પણ ચાઈનીઝ માલનો વપરાતો નથી.'

હવે ડીઆરઆઈના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ જ દેશભક્તિનો નકલી બુરખો પહેરીને ફરતા ઉદ્યોગપતિની કંપનીના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના દસ્તાવેજો શંકાના દાયરામાં આવ્યા છે. જે કંપની મલેશિયાના નામે ચાઈનીઝ માલ ભારતમાં ઘુસાડતી હતી, તેમાં આ મહાશયની સંડોવણી હોવાના પાકા પુરાવા મળતા ડીઆરઆઈએ તેમની સામે ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કર્યો છે.

### વડોદરા ડિવિઝન પર

# વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે આજે 27 મેના રોજ બ્લોક રહેશે

વડોદરા

વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર 624 (અપ લાઇન) પર રિગર્ડરિંગના કામ માટે 27 મે, બુધવારે સવારે 11.15 થી સાંજે 5.45 વાગ્યા સુધી 5.30 કલાકનો મેગા બ્લોક રહેશે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન પર વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર 624 (અપ લાઇન) પર રિગર્ડરિંગના કામ માટે બુધવાર, 27 મે ના રોજ સવારે 11.15 થી સાંજે 5.45 વાગ્યા સુધી 5.30 કલાકનો મેગા બ્લોક રહેશે. આના કારણે, વડોદરા ડિવિઝનમાંથી દોડતી અને પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનોમાં 27 મેની ટ્રેન નંબર 19036 મણિનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. 27 મેની ટ્રેન નંબર 19035 વડોદરા-મણિનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. 27 મે ના રોજ ચાલનારી ટ્રેન નં. 12930 વડોદરા-વલસાડ ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં 27 મેના રોજ ચાલનારી ટ્રેન નં. 22960 જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે અને અમદાવાદ અને વડોદરા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

### અંકલેશ્વરના મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા

# ગાય માતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગ સાથે મૌન પ્રદર્શન યોજવામાં આવ્યું

અંકલેશ્વર, જયેશ પ્રજાપતિ

અંકલેશ્વરના મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા ગાય માતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગ સાથે મૌન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું મૌન પ્રદર્શન બાદ મામલતદાર ને આવેદન પત્ર પાઠવી સરકાર ગૌસંરક્ષણ અને ગૌસેવા માટે વધુ અસરકારક પગલાં ભરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી આ કાર્યક્રમ માં મુસ્લિમ બિરાદરો અને હિન્દૂ સમાજના આગેવાનો જોડાયા હતા .




અંકલેશ્વરના મુસ્લિમ આગેવાનો દ્વારા ભારતના વડાપ્રધાનને આવેદન પાઠવી ગાયને "રાષ્ટ્રીય પશુ" જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.આ અંગે મૌન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં દેશની સામાજિક એકતા, સાંસ્કૃતિક વારસો અને ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખીને ગાયને વિશેષ સ્થાન આપવાની વિનંતી કરવામાં આવી છે.આવેદનમાં જણાવાયું છે કે ભારત વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ ધરાવતો દેશ છે, જ્યાં ગાયને પ્રાચીન સમયથી માતૃત્વ, આસ્થા અને પવિત્રતાનું પ્રતિક માનવામાં આવે છે. ભારતીય કૃષિ વ્યવસ્થા અને ગ્રામ્ય જીવનમાં પણ ગાયનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.લેખિત રજૂઆતમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાથી દેશની સાંસ્કૃતિક એકતા વધુ મજબૂત બનશે અને કરોડો લોકોની ધાર્મિક લાગણીઓને સન્માન મળશે. આ સાથે સરકાર ગૌસંરક્ષણ અને ગૌસેવા માટે વધુ અસરકારક પગલાં ભરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.બકરી ઈદ પૂર્વે યોજાયેલા કાર્યક્રમમાં મુસ્લિમ સમાજ ના બખ્તિયાર પટેલ ,શરીફ કાનુગા ,સહીત ના આગેવાનો અને હિન્દૂ સમાજના વિનય પટેલ સહીત આગેવાનો જોડાયા હતા.

### કાલોલના સુરેલી ગામે સીસી રોડની કામગીરીમાં ભેદભાવ

# પદાધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી એકને ગોળ અને બીજાને ખોળની નીતિ

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ તાલુકામાં આવેલા સુરેલી ગામે હાલમાં ચાલી રહેલી સિમેન્ટ કોંક્રિટ રોડની કામગીરીમાં ભારે ગેરરીતિ અને પક્ષપાત થતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. સ્થાનિક શાસક પદાધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની કથિત મિલીભગતના કારણે ગામમાં એકને ગોળ અને બીજાને ખોળ જેવી ભેદભાવભરી નીતિ અપનાવવામાં આવી રહી હોવાનો ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. આ પક્ષપાતી વલણને કારણે પાયાની સુવિધાઓથી વંચિત રહેલા સામાન્ય નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેલી ગામમાં વચલા ફળીયાથી, મહાદેવ રોડ, પંચાલ ફળિયું, દૂધની ડેરી સુધી બની રહેલા નવા સીસી રોડની કામગીરી દરમિયાન સત્તાધારી પદાધિકારીઓના માનીતા લોકોના ઘર સુધી રોડ છેક અડીને બનાવવામાં આવી રહ્યો છે. જ્યારે બીજી તરફ, ગામના સામાન્ય માણસોના ઘર પાસે રોડ બનાવવાની વાત આવે છે ત્યારે કોન્ટ્રાક્ટર અને પદાધિકારીઓ દ્વારા કાયદા અને વિવિધ નિયમો આગળ ધરવામાં આવે છે. સામાન્ય નાગરિકોના ઘર આગળ નિયમોનું બહાનું કાઢીને રોડની જગ્યા જાણીજોઈને ખાલી છોડી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે જગ્યાઓ પર હાલમાં નિયમોનું બહાનું કાઢીને ખાલી જગ્યા છોડવામાં આવી છે, ત્યાં અગાઉના સમયમાં પૂરેપૂરો સીસી રોડ બનેલો જ હતો. આમ છતાં, સત્તાના જોરે આ પ્રકારનો ભેદભાવ કરવામાં આવતા વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.



# સંતકબીર રોડ પર ટ્રેક્ટરની ટક્કરે મોપેડ ચાલક ગંભીર ઇજાગ્રસ્ત

વડોદરા

વડોદરાના સંતકબીર રોડ પર ટ્રેક્ટર અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાતા મોપેડ ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત બાદ ટ્રેક્ટરનું પૈડું ચાલકના પગ પર ફરી વળતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ અંગે વાડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

માહિતી મુજબ, અટલાદરા સનફાર્મા રોડ સ્થિત નારાયણ સંસ્કૃતિમાં રહેતા રાજેન્દ્રભાઈ ગિરીશભાઈ ઠક્કર ઈલેક્ટ્રિક કામ કરે છે. ગઈકાલે બપોરે દોઢ વાગ્યાની આસપાસ તેઓ વાડી વિસ્તારમાં આવેલા સાસરીયા તરફથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. સંતકબીર રોડ પાસે તેમની મોપેડની આગળ અચાનક એક વાહન આવી જતા તેમણે બ્રેક મારી હતી.

તે દરમિયાન પાછળથી આવી રહેલા ટ્રેક્ટરના ચાલક દ્વારા સમયસર બ્રેક ન મારાતા ટ્રેક્ટર મોપેડ સાથે ધડાકાભેર અથડાયું હતું. ટક્કર બાદ રાજેન્દ્રભાઈ રોડ પર પટકાયા હતા અને ટ્રેક્ટરનું ટાયર તેમના પગ પર ફરી વળતાં ગંભીર ઈજા પહોંચી હતી.

### વીજલાઈન મેન્ટેનન્સ માટે ડાળીઓ કાપી વાયર ખુલ્લા કરાયા

# કાલોલ GEB દ્વારા પ્રિમોન્સૂન કામગીરી લઇને અર્બન વિસ્તારમાં શટડાઉન

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ શહેર સહિત સમગ્ર તાલુકામાં ચોમાસા પૂર્વે વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટે કાલોલ GEB દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે આ કામગીરીના ભાગરૂપે મંગળવારે કાલોલ અર્બન વિસ્તારમાં શટડાઉન લઈ લાઈન મેન્ટેનન્સની કામગીરી હાથ ધરાઈ હતી જ્યાં GEBની ટીમો દ્વારા શહેરી વિસ્તારની HT અને LT લાઈનો પર વૃક્ષોની ડાળીઓ અડી જવાથી સર્જાતા ફોલ્ટને અટકાવવા માટે ડાળીઓ કાપી વાયર ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવી હતી અને આ ઉપરાંત ઢીલા થયેલા વાયર ટાઈટ કરવા, ક્ષતિગ્રસ્ત ઈન્સ્યુલેટર બદલવા અને થાંભલાની મરામત જેવા કામો પણ હાથ ધરાયા હતા જેને પગલે ચોમાસામાં ભારે પવન અને વરસાદમાં વૃક્ષોની ડાળીઓ વીજ વાયરને અડવાથી ટ્રીપિંગ અને વીજ વિક્ષેપના બનાવો બને છે. આવા ફોલ્ટ નિવારવા દર વર્ષે ચોમાસા પહેલા આ પ્રકારની મેન્ટેનન્સ કામગીરી કરવામાં આવે છે ત્યારે શટડાઉનના કારણે અર્બન વિસ્તારના કેટલાક ભાગોમાં સવારે નવથી બપોરના પોણા ચાર વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેતા સ્થાનિક રહીશો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા જ્યાં આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય વિસ્તારોમાં પણ મેન્ટેનન્સ કામગીરી હાથ ધરાશે.



### કાલોલમાં ઘર પર પથ્થરમારો કરવા બાબતે પૂછવા ગયેલા

# દંપતી પર લાકડી અને ગડદાપાટુથી જીવલેણ હુમલો

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલની વૈભવ લક્ષ્મી સોસાયટીમાં પથ્થરમારો કરવા જેવી સામાન્ય બાબતે પૂછપરછ કરવા ગયેલા એક દંપતી પર પાડોશમાં રહેતા દંપતીએ લાકડી અને ગડદાપાટુ વડે હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. કાલોલ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, વૈભવ લક્ષ્મી સોસાયટીમાં રહેતા અને હાલોલની ખાનગી કંપનીમાં નોકરી કરતા નિલેશકુમાર રમેશભાઈ વણકર ગત ૨૩ મે ૨૦૨૬ના રોજ નોકરી પર ગયા હતા. તે દરમિયાન સવારે અગિયાર વાગ્યાની આસપાસ સોસાયટીમાં જ રહેતા આરોપી રમેશભાઈ મકનભાઈ સોલંકીએ તેમના ઘરના પાછળના ભાગે પથ્થર માર્યા હતા. નિલેશભાઈની પત્ની નિશાબેને 'પથ્થર કોણ મારે છે, અમને વાગશે' તેમ કહેતા આરોપી રમેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને 'હું પથ્થર મારૂં છું, તમારે થાય તે કરી લો' તેમ કહી ઘરમાં મારવા દોડી આવ્યા હતા.

બપોરે નિલેશભાઈ નોકરી પરથી પરત ફરતા પત્નીએ સમગ્ર હકીકત જણાવી હતી. જેથી દંપતી આ બાબતે વાતચીત કરવા આરોપી રમેશભાઈ સોલંકીના ઘરે ગયું હતું. ત્યાં પૂછપરછ કરતા જ આરોપી રમેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને બિભત્સ ગાળો આપી ઘરમાથી લાકડી લઈ આવ્યા હતા.આરોપીએ નિલેશભાઈને ડાબા કાનના ભાગે લાકડી મારી દીધી હતી. ત્યારબાદ બીજી લાકડી મારવા જતા નિલેશભાઈ બાજુમાં ખસી ગયા હતા, જેના કારણે લાકડી સીધી તેમની પત્ની નિશાબેનના માથાના ઉપરના ભાગે વાગતા ચામડી ફાટી ગઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. તે જ સમયે આરોપીની પત્ની ધર્મિષ્ઠાબેન સોલંકીએ નિશાબેનને પકડી રાખ્યા હતા અને રમેશભાઈએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.

નિશાબેનના માથામાંથી અતિશય લોહી નીકળતું જોઈને બંને આરોપીઓ પોતાના ઘરમાં ભરાઈ ગયા હતા. જતાં જતાં આરોપીઓએ ધમકી આપી હતી કે, 'આજે તો તમે બચી ગયા છો, જો હવે પછી અમારું નામ લેશો તો તમને જાનથી મારી નાખીશું.'લોહીલુહાણ હાલતમાં નિલેશભાઈ પોતાની મોટરસાયકલ પર પત્નીને લઈને કાલોલ રેફરલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ નિશાબેનની સ્થિતિ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. પત્નીની સારવારમાં વ્યસ્ત હોવાને કારણે નિલેશભાઈએ ૨૫ મે ૨૦૨૬ના રોજ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.કાલોલ પોલીસે ફરિયાદી નિલેશકુમાર વણકરની ફરિયાદના આધારે આરોપી (૧) રમેશભાઈ મકનભાઈ સોલંકી અને (૨) ધર્મિષ્ઠાબેન રમેશભાઈ સોલંકી વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૧૫(2), ૩૫૨, ૩૫૧(2), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### પોતાની જ સરકારના વહીવટ સામે સાવલીના ધારાસભ્ય લાલઘૂમ

# ભાજપના જ ધારાસભ્યના લેટરબોમ્બથી ગાંધીનગરના સચિવાલયમાં ભૂકંપ આવ્યો

વડોદરા

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર 'લેટરબોમ્બ' ઝીંકાયો છે અને આ બોમ્બ કોઈ વિપક્ષે નહીં, પરંતુ શાસક પક્ષ ભાજપના જ કડક વલણ ધરાવતા સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ફોડ્યો છે. માત્ર ૫ મહિનાના ટૂંકા ગાળામાં બીજી વખત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સીધો પત્ર લખીને કેતન ઈનામદારે સરકારી બાબુઓ (અધિકારીઓ) અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતને ખુલ્લી પાડી દીધી છે. પત્રમાં ધારાસભ્યએ સ્પષ્ટ શબ્દોમાં આક્રોશ ઠાલવ્યો છે કે, ભ્રષ્ટ બાબુઓના કારણે પ્રજામાં સરકારની નામના ખરડાઈ રહી છે!

આ વખતે કેતન ઈનામદારે વડોદરા જિલ્લાના સાવલી વિસ્તારમાં મેસરી નદી પર બનેલા બ્રિજના નબળા અને લોલમલોલ કામનો મુદ્દો ઉઠાવ્યો છે.

કામગીરી સામે સવાલ: બ્રિજ નિર્માણમાં ભયંકર ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપ પત્રમાં કરાયા છે. હજી હમણાં બનેલા બ્રિજની ગુણવત્તા એટલી હલકી કક્ષાની છે કે ગમે ત્યારે મોટો અકસ્માત થઈ શકે છે અને જનતાના ટેક્સના કરોડો રૂપિયા ભ્રષ્ટાચારની ભેટ ચડી ગયા છે. 'ભ્રષ્ટ અને બેજવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે. આવા નબળા કામોને કારણે પ્રજા વચ્ચે આપણી સરકારની છબી ખરાબ થઈ રહી છે.

પાક્કો ગુજરાત

બુધવાર | 27 મે 2026 | અમદાવાદ

## ગુજરાતના સાંસદોને મળેલી કરોડોની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી

# 384 કરોડમાંથી માત્ર 82.47 કરોડ જ ખર્ચાતા જનતામાં ઉઠ્યા અનેક સવાલો

ગાંધીનગર

ગુજરાતના વિકાસ મોડલની દેશભરમાં ચર્ચાઓ થતી રહે છે, પરંતુ રાજ્યના જ લોકપ્રતિનિધિઓ પોતાના વિસ્તારના વિકાસ માટે મળતી સરકારી ગ્રાન્ટ વાપરવામાં પાછળ રહી ગયા હોવાનો એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ગુજરાતના સાંસદોને પોતાના મતવિસ્તારના વિકાસકાર્યો માટે ફાળવવામાં આવેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી ખૂબ જ ઓછો ખર્ચ થયો હોવાના સત્તાવાર આંકડા સામે આવતા જ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે પ્રશ્નો ઊભા થયા છે. સામે આવેલા આંકડાઓ મુજબ, ગુજરાતના સાંસદોને વિકાસના કામો માટે કુલ ૩૮૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આટલી મોટી રકમ ઉપલબ્ધ હોવા છતાં, તેમાંથી માત્ર ૮૨.૪૭ કરોડ રૂપિયા જેટલો જ નજીવો ખર્ચ કરવામાં આવ્યો છે. આનો સીધો અર્થ એ થાય છે કે ગ્રાન્ટનો એક બહુ મોટો હિસ્સો હજુ પણ સરકારી ચોપડે વણવપરાયેલો પડ્યો રહ્યો છે, જે લોકપ્રતિનિધિઓની ઉદાસીનતા દર્શાવે છે. સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) અંતર્ગત મળતી આ ગ્રાન્ટ સીધી રીતે પ્રજાના પ્રાથમિક પ્રશ્નોના ઉકેલ માટે હોય છે. આ નાણાંનો ઉપયોગ નીચે મુજબના કાર્યો માટે કરવાનો હોય છે: ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પીવાના પાણી અને ડ્રેનેજની સુવિધા માટે. સ્થાનિક સરકારી શાળાઓ, ડિસ્પેન્સરીઓ અને સામુદાયિક હોલના નિર્માણ માટે. આંતરિક રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને જાહેર બગીચાઓના વિકાસ માટે. પરંતુ આટલી મોટી રકમ બાકી હોવા છતાં સ્થાનિક સ્તરે પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે મતદારોમાં હવે ભારે નારાજગી વ્યાપી રહી છે. આર્થિક નિષ્ણાતો અને જનતા સવાલ ઉઠાવી રહી છે કે જ્યારે પ્રજા અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે, ત્યારે લોકપ્રતિનિધિઓ આ નાણાંનો સમયસર ઉપયોગ કેમ નથી કરી શક્યા? વહીવટી મંજૂરીઓમાં થતો વિલંબ, આયોજનનો અભાવ કે પછી નેતાઓની નબળી ઈચ્છાશક્તિ, આ પાછળ કયું કારણ જવાબદાર છે તે તપાસનો વિષય છે. ચૂંટણી ટાણે મતો મેળવવા વિકાસના વાયદા કરતા નેતાઓએ હવે જનતાને જવાબ આપવો પડશે કે તેમના હકના કરોડો રૂપિયા સરકારી તિજોરીમાં કેમ ધૂળ ખાઈ રહ્યા છે.



## ગ્રામજનોમાં આક્રોશ: બે મહિનાથી દીપડાનો આતંક,

# નાંદોદના સિસોદરા ગામે દીપડાનો આતંક વધતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો

નર્મદા, વહાબ શેખ

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સિસોદરા ગામમાં છેલ્લા બે મહિનાથી દીપડાના આતંકે સીમા વટાવી છે. રોજ રાત્રે ગામમાં આવી પશુઓનું મારણ કરતો દીપડો હવે માનવભક્ષી બને તેવી ભીતિ સેવાઈ રહી છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં વન વિભાગ જાણે કુંભકર્ણી નિદ્રામાં હોય તેમ જણાય રહ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ત્રણ-ત્રણ વખત લેખિતમાં રજૂઆત કરવા છતાં વન વિભાગ દ્વારા કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. આખરે કંટાળેલા ગામલોકોએ પશુધન અને પરિવારના રક્ષણ માટે જાતે જ બાજુના ગામમાંથી પીંજરું લાવીને ગોઠવવાની ફરજ પડી છે.

આ બાબતે સિસોદરા ગામના સરપંચ જ્યોત્સનાબેન રાવજીભાઈ વસાવાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમે અત્યાર સુધીમાં રાજપીપળા આર. એફ.ઓ. ઓફિસમાં રૂબરૂ જઈને ત્રણ-ત્રણ અરજીઓ આપી આવ્યા છીએ. છતાં આજ દિન સુધી વન વિભાગનો એક પણ કર્મચારી ગામમાં જોવા સુદ્ધાં આવ્યો નથી. હાલ ઉનાળાની અસહ્ય ગરમીના કારણે લોકો ઘરની બહાર કે ફળિયામાં સૂવાનું પસંદ કરતા હોય છે, પરંતુ દીપડાના સતત ભયને કારણે હવે લોકોમાં ફાળ પડી છે. દીપડો ગામમાંથી કૂતરા અને બકરાં ઉઠાવી જાય છે, જેના કારણે પશુધનને બચાવવા ગ્રામજનો આખી રાત ઉજાગરા કરવા મજબૂર બન્યા છે. લોકોમાં હવે એક જ સવાલ છે કે જો કોઈ જાનહાનિ થશે તો તેનો જવાબદાર કોણ? શું તંત્ર કોઈનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે?



સિસોદરા ગામની આ ગંભીર સ્થિતિ અંગે જ્યારે બીટ ફોરેસ્ટર ધર્મેન્દ્રસિંહ પરમારનો અનેકવાર સંપર્ક કરવાની કોશિશ કરવામાં આવી, પરંતુ તેમણે ફોન ઉઠાવવાની પણ તસ્દી લીધી ન હતી. જ્યારે આ મામલે આર.એફ.ઓ. એચ.જે. વાંડા સાથે ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, 'આ બધી કામગીરી ફોરેસ્ટર ધર્મેન્દ્રસિંહ પરમારની છે અને તેઓ ક્યારેક ક્યારેક આવી બેદરકારી કરે જ છે, જે માટે તેમને નોટિસ પણ આપવામાં આવી છે. બીજા સ્ટાફના માણસને મોકલી સાઈડ વિઝિટ કરાવીને આગળની કાર્યવાહી કરાવું છુ.

# 'ટાટા કેમિકલે મરીન સેન્ચ્યુરીને કાળા રણમાં ફેરવી નાખી' : ગુજરાત હાઈકોર્ટનું આકરું વલણ

## 3 મહિનામાં આંકલન કરીને વળતર વસૂલો; ઉધોગને બંધ કરવા સહિતના કડક પગલાં લેવા નિર્દેશ

જામનગર

ગુજરાતના દરિયાઈ પર્યાવરણને નુકસાન પહોંચાડનારા તત્વો સામે ગુજરાત હાઈકોર્ટે અત્યાર સુધીનું સૌથી કડક વલણ અપનાવ્યું છે. જામનગરની પ્રખ્યાત અને સંવેદનશીલ મરીન સેન્ચ્યુરીમાં ખુલ્લી નહેરો દ્વારા ગેરકાયદેસર કેમિકલ કચરો અને પ્રદૂષિત ઝેરી પાણી ઠલવવા બદલ હાઈકોર્ટે ટાટા કેમિકલ્સ લિમિટેડ (Tata Chemicals Ltd.) સામે આકરા પ્રહારો કર્યા છે. વન વિભાગ, જામનગરના કલેક્ટર અને સંબંધિત ઓથોરિટીના સંયુક્ત અહેવાલને આધારે કોર્ટે આ મામલાની અત્યંત ગંભીર નોંધ લીધી છે.



સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પ્રદૂષણની ભયાનકતા જોઈને આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, ટાટા કેમિકલ્સ જેવી મોટી કંપનીના પાપે મરીન સેન્ચ્યુરી જેવી પવિત્ર અને સંવેદનશીલ જગ્યા આજે 'કાળા રણ'માં ફેરવાઈ ગઈ છે. કાયદાના લીરેલીરા ઉડાવીને ખુલ્લી નહેરો મારફતે જે રીતે કેમિકલ યુક્ત ઝેરી કચરો દરિયામાં અને વન્યજીવોના આશ્રયસ્થાનમાં છોડવામાં આવ્યો છે, તે અક્ષમ્ય ગુનો છે.

૩ મહિનામાં વળતરની વસૂલાત: કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે પર્યાવરણને થયેલા નુકસાનનું ચોક્કસ આંકલન આગામી ૩ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવે અને ટાટા કેમિકલ્સ પાસેથી તગડું વળતર વસૂલવામાં આવે.

ઉદ્યોગ બંધ કરવાની ચીમકી: જો કંપની નિયમોનું પાલન ન કરે અને પ્રદૂષણ ફેલાવવાનું બંધ ન કરે, તો પ્લાન્ટને તાળાબંધી (બંધ કરવા) કરવા સહિતના તમામ કડક પગલાં લેવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્થાનિક તંત્રને ફ્રી હેન્ડ આપવામાં આવ્યો છે.

## CMના અધ્યક્ષસ્થાને 29મી મેના રોજ 'રાજ્ય સ્વાગત કાર્યક્રમ' યોજાશે

ગાંધીનગર

રાજ્યના નાગરિકોના પ્રશ્નો, ફરિયાદો અને રજૂઆતોના ઝડપી તેમજ સકારાત્મક નિવારણ માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આગામી તા. ૨૯-૦૫-૨૦૨૬ ને શુક્રવારના રોજ "રાજ્ય સ્વાગત કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત જે નાગરિકો પોતાના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીશ્રીને રૂબરૂમાં રજૂઆત કરવા માંગતા હોય, તેઓ પોતાની અરજી લઈને રૂબરૂ જઈ શકશે. અરજીઓ સ્વીકારવાનો સમય સવારે ૮:૦૦ વાગ્યાથી ૧૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે. અરજી સ્વીકારવાનું સ્થળ: જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોની સમસ્યાઓનો ઘરઆંગણે જ નિકાલ થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ 'સ્વાગત' (SWAGAT) કાર્યક્રમ યોજવામાં આવે છે.

# મહા-ઈન્વેસ્ટિગેશન : 400 કરોડનું કૌભાંડ આચરીને જલસા કરતી ઠગ ટોળકીનો પર્દાફાશ!

## પોતે રૂ. 6 કરોડ એડવાન્સ પગાર લીધો, પત્નીને રૂ.50 લાખના પગારે નોકરીએ રાખી

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતના ડ્રીમ પ્રોજેક્ટ 'ગિફ્ટ સિટી' (GIFT City) ના નામે આખા રાજ્યને હચમચાવી મૂકનારા રૂ. ૪૦૦ કરોડના ડેટા સેન્ટર મહાકૌભાંડમાં રોજ નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. સામાન્ય રોકાણકારો પોતાના લોહી-પરસેવાની કમાણી પાછી મેળવવા માટે વલખાં મારી રહ્યા છે અને પોલીસ જે માસ્ટરમાઈન્ડ ઉત્પલ પટેલને શોધી રહી છે, તે ઉત્પલ અને તેની ટોળકી જનતાના રૂપિયા પર કેવા વૈભવી જલસા કરી રહી હતી તેનો પર્દાફાશ થયો છે. આ ચોંકાવનારો ખુલાસો બીજું કોઈ નહીં પણ ખુદ ઉત્પલ પટેલના સગા બનેવીએ કર્યો છે!

ઈન્વેસ્ટિગેશનમાં બહાર આવેલી વિગતો જોઈને કાયદો અને વ્યવસ્થા પણ ચોંકી ઉઠ્યા છે. રોકાણકારોના કરોડો રૂપિયા ડેટા સેન્ટરમાં વાપરવાને બદલે ઉત્પલ પટેલે પોતાના અંગત મોજશોખમાં ઉડાવ્યા હોવાના પુરાવા મળ્યા છે:

રૂ. ૬ કરોડનો એડવાન્સ પગાર: કંપની હજી બરાબર શરૂ પણ નહોતી થઈ ત્યાં માસ્ટરમાઈન્ડ ઉત્પલ પટેલે પોતાના નામે રૂ. ૬ કરોડનો તોતિંગ એડવાન્સ પગાર ઉધારાવી લીધો હતો!

પત્નીને '૫૦ લાખિયો' પગાર: સગાવાદ અને લૂંટની હદ તો જુઓ, ઉત્પલ પટેલે પોતાની પત્નીને કંપનીમાં કોઈ ખાસ કામ વગર જ દર મહિને રૂ. ૫૦ લાખના આંધળા પગારે નોકરી પર રાખી દીધી હતી.

વૈભવી જલસાપાર્ટીઓ: રોકાણકારોના પૈસે દેશ-વિદેશની ફાઈવ-સ્ટાર હોટેલોમાં મોંઘીદાટ પાર્ટીઓ અને લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ ભોગવવામાં આવતી હતી. આ કૌભાંડમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે ઉત્પલ પટેલના જ બનેવીએ કાયદા સમક્ષ સ્ફોટક ખુલાસા કર્યા. બનેવીના જણાવ્યા મુજબ, ઉત્પલ પટેલ શરૂઆતથી જ ડેટા સેન્ટરના નામે માત્ર કાગળ પર પ્રોજેક્ટ બતાવીને મોટું ફંડ એકઠું કરવાનો પ્લાન ધરાવતો હતો. ફંડ આવ્યા પછી સગા-વ્હાલાઓને હોદ્દા વહેંચીને પગારના નામે કરોડો રૂપિયા ડાયવર્ટ કરી દેવાયા હતા.

માસ્ટરમાઈન્ડને પકડવા પોલીસની દોડધામ : હાલમાં આ ૪૦૦ કરોડનું કૌભાંડ આચરીને ફરાર થઈ ગયેલા ઉત્પલ પટેલને પકડવા માટે પોલીસની અલગ-અલગ ટીમો આકાશ-પાતાળ એક કરી રહી છે. રોકાણકારોમાં ભારે આક્રોશ છે અને તેઓ પોતાની મુદ્દલ રકમ ગમે તેમ કરીને પાછી મેળવવા માગે છે.

# ગુજરાતના રાજકારણમાં મોટા ધડાકાના સંકેત : શંકરસિંહ વાઘેલાને ફરી કોંગ્રેસમાં જવામાં રસ..!

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતના રાજકારણના ભીષ્મ પિતામહ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ઉર્ફે બાપુએ ફરી એકવાર મોટો રાજકીય ફાટો પાડવાના સંકેત આપ્યા છે. પોતાના બેબાક અંદાજ માટે જાણીતા શંકરસિંહ વાઘેલાએ જાહેરમાં સ્વીકાર્યું છે કે તેમને ફરીથી કોંગ્રેસ પક્ષમાં સક્રિય થવામાં રસ છે. એટલું જ નહીં, તેમણે દિલ્હી દરબાર સુધી પોતાનો સંદેશો પહોંચાડી દીધો હોવાનો ખુલાસો કરતા રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. એક મીડિયા સંવાદ દરમિયાન શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, તેઓ કોંગ્રેસમાં પાછા ફરવા માટે તૈયાર છે. તેમણે ઉમેર્યું કે, મેં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સુધી મારો સ્પષ્ટ સંદેશો કહેવડાવ્યો છે કે હું પક્ષમાં આવવા ઈચ્છું છું, હવે આગળનો નિર્ણય હાઈકમાન્ડે લેવાનો છે. બાપુના આ એક જ નિવેદનથી કોંગ્રેસ સહિત ભાજપ ખેમામાં પણ આ બાબતે ગુપ્ત બેઠકો અને ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.

શંકરસિંહ વાઘેલા ગુજરાતના એવા કદાવર નેતા છે જેમણે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં રહીને ઉચ્ચ હોદ્દા ભોગવ્યા છે: ૧૯૯૬માં ભાજપથી છેડો ફાડીને તેમણે રાષ્ટ્રીય જનતા પાર્ટી બનાવી અને કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારબાદ તેઓ સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાયા અને કેન્દ્ર સરકારમાં ટેક્સટાઈલ મંત્રી તેમજ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને વિપક્ષના નેતા જેવા મહત્વના પદો સંભાળ્યા. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં આંતરિક મતભેદોના કારણે તેમણે કોંગ્રેસ સાથેનો છેડો ફાડ્યો હતો. હાલના તબક્કે ગુજરાત કોંગ્રેસ જ્યારે કટોકટીના સમયમાંથી પસાર થઈ રહી છે, ત્યારે શંકરસિંહ વાઘેલા જેવા સીનિયર અને ક્ષત્રિય સમાજના મોટા ચહેરાની એન્ટ્રી પક્ષ માટે બૂસ્ટર ડોઝ સમાન સાબિત થઈ શકે છે. જોકે, કોંગ્રેસના કેટલાક સ્થાનિક સિનિયર નેતાઓ બાપુની ઘરવાપસીને કઈ રીતે લે છે તે જોવું રહ્યું, કારણ કે ભૂતકાળમાં તેમના જવાને લીધે પક્ષને મોટું નુકસાન થયું હોવાનું એક વર્ગ માને છે.

વય અને અનુભવના આ તબક્કે પણ શંકરસિંહ વાઘેલાની રાજકીય સક્રિયતા અને દબદબો ઓછો થયો નથી. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે બાપુના આ પ્રસ્તાવ પર શું નિર્ણય લે છે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

# ગુજરાત ATS અને વલસાડ એસઓજીનો જોઈન્ટ ઓપરેશનમાં સપાટો : વલસાડમાંથી 72 લાખથી વધુની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું

વલસાડ

ગુજરાતને નશામુક્ત બનાવવાના રાજ્ય સરકારના અભિયાનને એક ખૂબ જ મોટી સફળતા મળી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને વલસાડ જિલ્લા પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને વલસાડ પંથકમાંથી ૭૨ લાખ રૂપિયાથી વધુની કિંમતનો નશીલા ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

રાજ્યની સર્વોચ્ચ તપાસ એજન્સી એટીએસ આ ઓપરેશનમાં સીધી સામેલ હોવાના કારણે ડ્રગ્સ માફિયાઓ અને આંતરરાજ્ય પેડલરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી પાકી વિગતો અનુસાર, ગુજરાત એટીએસના ઉચ્ચ અધિકારીઓને બાતમી મળી હતી કે વલસાડની આંતરરાજ્ય સરહદનો ઉપયોગ કરીને ડ્રગ્સનો એક મોટો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ સંવેદનશીલ બાતમીના આધારે એટીએસની ટીમે વલસાડ એસઓજીના જવાનો સાથે સંકલન સાધીને વલસાડ જિલ્લાના ચોક્કસ વિસ્તારોમાં અને હાઈવે પર વોચ ગોઠવી દીધી હતી.

નિયોજિત પ્લાન મુજબ, શંકાસ્પદ હિલચાલ પર દરોડો પાડીને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી અને આંતરરાષ્ટ્રીય બજારમાં ૭૨ લાખ રૂપિયાથી વધુની કિંમત ધરાવતું કેમિકલ યુક્ત માદક ડ્રગ્સ કબજે કરી લીધું હતું.

આ ઓપરેશનમાં ગુજરાત એટીએસની એન્ટ્રી એ વાતની સાબિતી છે કે આ કેસના તાર કોઈ મોટા નેટવર્ક સાથે જોડાયેલા છે. એટીએસ અને વલસાડ એસઓજીની ટીમો હવે સંયુક્ત રીતે નીચે મુજબના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે:

આ ડ્રગ્સ કયા પાડોશી રાજ્યમાંથી સપ્લાય કરવામાં આવ્યું હતું?

ગુજરાતના કયા મોટા શહેરોના યુવાનો સુધી આ નશાની ખેપ પહોંચાડવાની ગણતરી હતી?

આ રેકેટની પાછળ કોઈ આંતરરાષ્ટ્રીય કે અંડરવર્લ્ડ કનેક્શન કામ કરી રહ્યું છે કે કેમ?

પોલીસે ઘટનાસ્થળેથી ડ્રગ્સની હેરાફેરી કરનારા શખ્સોની ધરપકડ કરી લીધી છે અને તેમના રિમાન્ડ મેળવીને ડ્રગ્સના મુખ્ય કિંગપિન સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ગીરના જંગલોમાંથી હૃદયદ્રાવક સમાચાર

# CDV અને બેબેસિયા બીમારીથી વધુ 8 સિંહોના કરૂણ મોત : વનવિભાગ હાઈએલર્ટ

શાસન ગીર

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગણાતા ગીરના જંગલમાંથી વન્યજીવ સૃષ્ટિ માટે અત્યંત ચિંતાજનક અને માઠા સમાચાર સામે આવ્યા છે. ગીરમાં ફરી એકવાર ઘાતક વાયરસ અને ઈન્ફેક્શનનો પંજો ફરી વળ્યો છે. કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV) અને ટિક-બોર્ન પ્રોટોઝોઆન બીમારી એટલે કે બેબેસિયાના કારણે ટૂંકા ગાળામાં જ વધુ ૮ સિંહોના મોત નીપજ્યા છે. આ મોતમાં ૫ માસૂમ સિંહબાળ અને ૩ પુખ્ત વયના સાવજનો સમાવેશ થાય છે, જેઓ બીમારી સામે જંગ હારીને તડપી તડપીને મોતને ભેટ્યા છે. આ ઘટનાને પગલે વનવિભાગ તાત્કાલિક હાઈએલર્ટ મોડ પર આવી ગયું છે.

ગીરના વન્યજીવોમાં ફેલાયેલી આ બીમારી એટલી ઝડપી અને જીવલેણ છે કે સિંહોના ફેફસાં અને નર્વસ સિસ્ટમ પર તે સીધો હુમલો કરે છે. આ ઘટના બહાર આવતા જ વનવિભાગની ઉચ્ચ સ્તરીય ટીમો, વેટરનરી ડૉક્ટરો અને ટ્રેકર્સની ફોજ ગીરના જંગલોમાં ઉતારી દેવામાં આવી છે:

જંગલના પ્રભાવિત વિસ્તારોમાં સિંહોનું સઘન સ્ક્રીનિંગ અને લોકેશન ટ્રેકિંગ શરૂ કરાયું છે.

કોઈ સિંહ બીમાર કે અશક્ત જણાય તો તેને તાત્કાલિક એનિમલ કેર સેન્ટરમાં આઈસોલેટ કરીને સારવાર આપવામાં આવી રહી છે.

અન્ય સિંહોને આ ચેપ ન લાગે તે માટે રસીકરણ અને સેનિટાઈઝેશનની કામગીરી પર ભાર મુકાઈ રહ્યો છે. આ આંકડો સામે આવતા જ ૨૦૧૮ની એ ભયાનક લહેર યાદ આવી ગઈ છે, જ્યારે ગીરમાં સીડીવી (CDV) વાયરસના કારણે જોતજોતામાં ૨૯ સિંહોના કરૂણ મોત નીપજ્યા હતા. એ સમયે સરકારે વિદેશથી સ્પેશિયલ રસી મંગાવવી પડી હતી. હવે ફરી એકવાર એ જ ઘાતક વાયરસ અને બેબેસિયા બીમારીએ સાથે મળીને સાવજોનો શિકાર શરૂ કરતા વન્યજીવ નિષ્ણાતો ચિંતિત બન્યા છે કે જો આ સંક્રમણ કાબૂમાં નહીં આવે તો સિંહોના અસ્તિત્વ પર મોટું સંકટ આવી શકે છે.

ગુજરાતનું ગૌરવ એવા ડાલામથ્થા સાવજોની સુરક્ષા સામે ફરી એકવાર કુદરતી આફતે પડકાર ફેંક્યો છે. વનવિભાગ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે સ્થિતિ નિયંત્રણ હેઠળ છે, પરંતુ જંગલના અંદરના ભાગોમાં હજુ કેટલા સિંહો આ બીમારીની ઝપેટમાં છે તેની સાચી વિગતો મેળવવી મોટો પડકાર છે. આ મામલે ગાંધીનગર અને દિલ્હીના વન્યજીવ નિષ્ણાતોની ટીમ પણ ગીરની મુલાકાતે લે તેવી સંભાવના છે, જેથી સમયસર યોગ્ય પગલાં ભરીને ગુજરાતના આ અનમોલ રતનને બચાવી શકાય.

## ખેડૂત રાતભર લાઈનમાં ઊભો છે અને નેતા-અભિનેતાના મેળાવડામાં ડીઝલનો ધુમાડો થાય છે!

# જાગતા રહો: VIP મેળાવડાઓમાં ઈંધણનો ધુમાડો, પણ જગતનો તાત લાઈનમાં ઊભો ઊભો કરમાતો..!

અમદાવાદ/ગાંધીનગર

એક તરફ દેશનું પેટ ભરતો અન્નદાતા ધોમધખતા તાપમાં અને કાળી રાતે પરસેવો પાડીને ડીઝલના એક-એક ટીપાં માટે લાઈનોમાં ધક્કા ખાઈ રહ્યો છે. બીજી તરફ હજારો વાહનોના લક્ઝુરિયસ કાફલાઓ લઈને રાજકીય મેળાવડાઓ, ડાયરાઓ અને મોટી-મોટી કથાઓમાં સરકારી બાબુઓ અને નેતાઓ ઈંધણનો ધુમાડો કરી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' આજે સત્તાના નશામાં ચૂર શાસકો અને વહીવટી તંત્રને સણસણતો સવાલ પૂછે છે કે - સરકાર પ્રજાને પેટ્રોલ-ડીઝલ બચાવવાની ગુલાબી અપીલો તો કરે છે, પણ આવા બિનજરૂરી મેળાવડાઓમાં થતો કરોડો રૂપિયાનો ઈંધણ બગાડ કેમ નથી રોકાતો?

સ્થિતિ અત્યંત ગંભીર છે, જો સમયસર નિર્ણય નહીં લેવાય તો પરિણામો ભયાનક આવશે: ખેતરો સૂકાઈ જશે: જો જગતના તાતને સમયસર ટ્રેક્ટર અને પંપિંગ સેટ ચલાવવા ડીઝલ નહીં મળે, તો લહેરાતા ખેતરો પળવારમાં સ્મશાન જેવા સૂકાભઠ્ઠ બની જશે. બજારમાં મોંઘવારીની આગ: ટ્રક ડ્રાઈવરો ખાલી ટેન્ક લઈને હાઈવે પર અટવાયા છે. જો ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ઠપ્પ થઈ, તો શાકભાજીથી લઈને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને આંબી જશે અને મોંઘવારી સામાન્ય માણસના ખિસ્સાં સળગાવી મૂકશે.




હવે પ્રાથમિકતા કોને? પ્રજાને કે દેખાડાને?

તંત્રને હવે એ નક્કી કરવું જ પડશે કે દેશ ચલાવવો છે કે માત્ર વાહવાહ લૂંટવી છે?

1 દેશની કરોડરજ્જુ: દેશને ધબકતો રાખનાર ખેડૂત અને ટ્રાન્સપોર્ટર?


2 રાજકીય-ધાર્મિક તાયફાઓ: કે પછી કરોડોના ખર્ચે થતા માત્ર ભપકા અને દેખાડા?

રાષ્ટ્રહિત માટે હવે સરકારે જાગવું જ પડશે અને આકરા નિર્ણયો લેવા જ પડશે! કથાઓ, રેલીઓ અને મેળાવડાઓમાં વહી જતા પેટ્રોલ-ડીઝલના બગાડ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકો. જે ઈંધણ નેતાઓની ગાડીઓના એસી (AC) માં વપરાય છે, તે ઈંધણ પહેલાં ભૂખ્યા પેટે અને ચિંતાતુર જીવે લાઈનમાં ઉભેલા ખેડૂત અને ટ્રાન્સપોર્ટરને આપો!

## તંત્રી લેખ...

# માત્ર પોતાની જરૂરિયાત પૂરી થાય ત્યાં સુધી જ... અહીં દરેક વ્યક્તિ વફાદાર હોય છે!

આજની આ ભાગદોડ ભરેલી જિંદગીમાં જો કોઈ સૌથી મોટો ભ્રમ હોય, તો તે છે માણસની વફાદારી. કોઈએ બહુ સુંદર અને કડવું સત્ય કહ્યું છે કે, માત્ર પોતાની જરૂરિયાત પૂરી થાય ત્યાં સુધી જ અહીં દરેક વ્યક્તિ વફાદાર હોય છે. જ્યારે સ્વાર્થ પૂરો થઈ જાય છે, ત્યારે સંબંધોના રંગ અને માણસના બદલાતા ચહેરા જોતાં વાર નથી લાગતી. આપણે એક એવા સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં સંબંધોની કિંમત ભાવનાઓથી નહીં, પણ જરૂરિયાતોથી નક્કી થાય છે. આજે કોઈ તમારી સાથે કેટલી વફાદારીથી ઊભું છે, તેનો આધાર એ વાત પર છે કે તમે તેના માટે કેટલા ઉપયોગી છો. જે દિવસે તમારી ઉપયોગિતા પૂરી થઈ જશે, તે જ દિવસથી તેની વફાદારીની મુદત પણ સમાપ્ત થઈ જશે. ચહેરા પર નકાબ અને સ્વાર્થની દુનિયા: પહેલાના સમયમાં વફાદારી એક સંસ્કાર હતો, જે લોહીમાં વણાયેલો રહેતો. આજે વફાદારી એક સોદો બની ગઈ છે. લોકો ત્યાં સુધી જ તમારા ગુણગાન ગાશે, ત્યાં સુધી જ તમારી હા માં હા મિલાવશે, જ્યાં સુધી તેમનું કોઈ કામ તમારી પાસે અટકેલું હશે. સ્વાર્થના આ મેળામાં વફાદારીનો નકાબ પહેરીને ફરતા લોકોની કોઈ અછત નથી. જ્યારે વ્યક્તિને પોતાની જરૂરિયાત હોય છે, ત્યારે તે




તમારા ચરણોમાં નમી જવા પણ તૈયાર થઈ જાય છે. તે સમયે તેની વાણીમાં મધ અને વર્તનમાં પરમ વફાદારી જોવા મળે છે. પરંતુ જેવું કામ પૂરું થાય, એટલે એ જ વ્યક્તિ તમને ઓળખવાનો પણ ઈનકાર કરી દે છે. આ આજના યુગની સૌથી મોટી અને કડવી વાસ્તવિકતા છે. સંબંધોનું બદલાતું ગણિત: કહેવાય છે કે સૂરજ આથમે એટલે પડછાયો પણ સાથ છોડી દે છે, તો પછી આ હાડચામના બનેલા માણસો પાસેથી લાંબી આશા શું રાખવી? અપેક્ષાઓ જ હંમેશા દુ:ખનું કારણ બને છે. આપણે જે વ્યક્તિને આપણો સમજીને તેના પર આંધળો વિશ્વાસ મૂકીએ છીએ, તે ઘણીવાર માત્ર પોતાની જરૂરિયાત સંતોષવા માટે આપણી વફાદારીનું નાટક કરતો હોય છે. પરંતુ આમાં દોષ કોનો? સામેવાળી વ્યક્તિનો કે આપણી અતિશય ભોળપણનો? જ્યારે દુનિયા વહેવારુ બની ગઈ હોય, ત્યારે આપણે લાગણીશીલ થઈને સંબંધોનું મૂલ્યાંકન કરીએ છીએ, બસ ભૂલ ત્યાં જ થાય છે. પાક્કો ગુજરાત ચિંતન: આ લેખનો હેતુ કોઈને નિરાશ કરવાનો નથી, પરંતુ જિંદગીના આ અરીસા સામે આંખ મિલાવવાનો છે. જો કોઈ વ્યક્તિ તમારી જરૂરિયાત પૂરી થતાં જ બદલાઈ જાય, તો અફસોસ ન કરવો. તેના બદલે એ સમજી લેવું કે આ સંસારનો નિયમ છે. સાચી વફાદારી એ છે જે કોઈપણ સ્વાર્થ વગર, સુખ અને દુ:ખ બંનેમાં એકસરખી ટકી રહે. જિંદગીમાં એટલા વહેવારુ ચોક્કસ બનો કે કોઈના બદલાવથી તમને આંચકો ન લાગે. જે લોકો માત્ર જરૂરિયાત પૂરતા વફાદાર છે, તેમને ઓળખતા શીખો અને જેઓ ખરેખર નિ:સ્વાર્થ છે, તેમની કદર કરતા શીખો. કારણ કે આ મતલબી દુનિયામાં, સાચો માણસ મળવો એ કોઈ નસીબથી ઓછું નથી.

- ગ્રુપ એડિટર પવન માકન

# ઈતિહાસના પાનાઓમાં ખોવાઈ ગયેલું વીરતાનું અમર પાત્ર

### નેતાજીની સેનાની એ નિર્ભય દીકરી નીરા આર્ય, જેણે દેશ માટે સર્વસ્વ ન્યોછાવર કર્યું

જ્યારે પણ ભારતના સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ વંચાય છે, ત્યારે મુખ્ય પ્રવાહની ચર્ચાઓ અને પુસ્તકોમાં સામાન્ય રીતે માત્ર થોડાક જ પ્રખ્યાત નામો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. પરંતુ આ આઝાદીની ઈમારત એવા અસંખ્ય બહાદુર વીરો અને વીરાંગનાઓના બલિદાન પર ચણાયેલી છે, જેમના નામો કાળક્રમે ઈતિહાસના અંધકારમાં ક્યાંક ખોવાઈ ગયા. આવી જ એક અત્યંત પ્રેરણાદાયી, હૃદયસ્પર્શી અને રૂંવાડા ઊભા કરી દે તેવી વીરતાની વાર્તા નીરા આર્યની છે, જેઓ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના નેતૃત્વ હેઠળની આઝાદ હિંદ ફોજ (INA) ના પ્રથમ મહિલા જાસૂસ તરીકે ઓળખાય છે.



### હિંમત, વફાદારી અને બલિદાનનું અનન્ય પ્રતીક:

આઝાદ હિંદ ફોજ સાથે જોડાયેલા ઐતિહાસિક દસ્તાવેજો અને અહેવાલો દર્શાવે છે કે નીરા આર્યએ ભારતની સ્વાતંત્ર્ય ચળવળ માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું હતું. તેમણે રાષ્ટ્રહિતને પોતાના અંગત આરામ, પારિવારિક સંબંધો અને ખુદની સલામતી કરતાં પણ ઘણું ઉપર રાખ્યું હતું. એવું કહેવાય છે કે તેમના પતિ બ્રિટિશ ગુપ્તચર વિભાગમાં અધિકારી હતા અને જ્યારે તેમના પતિએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે નીરા આર્યએ પિતૃભૂમિની રક્ષા કાજે પોતાના જ પતિનો વધ કરતાં સહેજ પણ સંકોચ અનુભવ્યો નહોતો. દેશભક્તિ માટે કૌટુંબિક સંબંધોનું આનાથી મોટું બલિદાન બીજું કયું હોઈ શકે?

### જેલના અસહ્ય ત્રાસ સામે પણ ન ઝૂકી ખાખી:

પતિના વધ બાદ બ્રિટિશ સત્તાવાળાઓ દ્વારા નીરા આર્યની ધરપકડ કરવામાં આવી હતી. જેલમાં તેમની પાસેથી નેતાજી અને આઝાદ હિંદ ફોજની ગુપ્ત પ્રવૃત્તિઓની માહિતી કઢાવવા માટે અંગ્રેજ અધિકારીઓએ તેમના પર અમાનવીય અને કાળજું કંપાવી દે તેવા અત્યાચારો ગુજાર્યા હતા. અસહ્ય શારીરિક વેદના અને ભારે દબાણ છતાં, આ લોખંડી મહિલાએ પોતાના સાથીઓ સાથે દગો કરવાનું કે દેશની સેનાની સંવેદનશીલ માહિતી જાહેર કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. જેલના લોખંડી સળિયા અને બ્રિટિશરોની ક્રૂરતા પણ તેમની દેશભક્તિના અતૂટ નિશ્ચયને ડગાવી શકી નહોતી.

### નારી શક્તિની અસાધારણ મનોબળની મિસાલ:

નીરા આર્યની વાર્તા માત્ર શારીરિક બહાદુરી પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દેશની નારી શક્તિના સર્વોચ્ચ મનોબળનું પ્રતીક છે. એવા સમયગાળામાં જ્યારે મહિલાઓ પાસે સામાજિક સ્વતંત્રતા અને તકો ખૂબ જ મર્યાદિત હતી, ત્યારે તેમણે બતાવેલી આ માનસિક શક્તિ અને આઝાદ ભારતના સ્વપ્ન પ્રત્યેની પ્રતિબદ્ધતા આજે પણ આપણને પ્રેરણા આપે છે. તેમનું જીવન સાબિત કરે છે કે દેશભક્તિ ક્યારેય ખ્યાતિ, લિંગ કે જાહેર સન્માનની મહોતાજ નથી હોતી, તે તો મુશ્કેલ સમયમાં બતાવેલી હિંમતથી વ્યાખ્યાયિત થાય છે.

આજે સોશિયલ મીડિયા અને નવી પેઢીના ઈતિહાસકારોમાં આવા ગુમનામ નાયકોના બલિદાનની સમીક્ષા કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે, જે ખૂબ જ આવકારદાયક છે. નીરા આર્ય જેવા સેંકડો દેશભક્તોને યાદ રાખવાનો અર્થ માત્ર ઈતિહાસ વાગોળવાનો નથી, પરંતુ એ વીરોને સાચો આદર આપવાનો છે જેમણે કોઈ જ પ્રસિદ્ધિની ભૂખ વગર ભારતની આઝાદીનો આકરો ભાર પોતાના ખભા પર વહન કર્યો હતો. ભારતની આઝાદી માત્ર પ્રખ્યાત નેતાઓના ભાષણોથી નહીં, પરંતુ નીરા આર્ય જેવી ભારતની અસંખ્ય હિંમતવાન પુત્રીઓ અને પુત્રોના લોહી-પરસેવાથી મળી છે, જેમના બલિદાનને ક્યારેય ભૂલી શકાય નહીં.

# અમેરિકા સંબંધોમાં સાતત્ય જાળવે એની ખરી જરૂર

### દુનિયાને બ્રેકિંગ ન્યૂઝ આપવામાં માહેર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે કંઈ બોલે એની સત્યતા ઘણીવાર સંદેહજનક હોય છે

દુનિયાને બ્રેકિંગ ન્યૂઝ આપવામાં માહેર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે કંઈ બોલે એની સત્યતા ઘણીવાર સંદેહજનક હોય છે. એટલે જ તેઓ ભારત અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરે એનાથી ફૂલાઈ જવાની જરૂર નથી. શ્રીમાન ટ્રમ્પ સનસનાટી મચાવનારા નેતા છે અને પોતે કહેલા શબ્દોનું વજન કે મહત્ત્વ ખુદ જાણતા નથી એવું ઘણીવાર અનુભવાય. ચીનમાં ત્યાંના રાષ્ટ્રપતિ શી જિનપિંગને કેટલીયવાર મહાન નેતા લેખાવ્યા. શી સરમુખત્યાર હોવા છતાં ચીનના શાસક છે. ગજબની પકડ ધરાવે છે. આ તેમના નેતૃત્વ સામે ગંભીર સવાલો એ છે, માનવાધિકાર જેવું ચીનમાં કંઈ છે જ નહીં, ટ્રમ્પ આ જાણતા નથી ? આપણે ભારતના અનુસંધાનની વાત કરીએ તો ભારત અને અમેરિકાના સંબંધોમાં એકસૂત્રતાનો અભાવ સતત વર્તાતો રહ્યો છે. અમેરિકાએ તેની મરજી મુજબ ભારત સાથેના સંબંધોને વધુ કે ઓછું મહત્ત્વ આપવાનાં વલણને દાયકાઓથી જાળવી રાખ્યું છે, તેમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની પ્રકૃતિ મુજબ ક્યારેક ભારતની ટીકા કરે તો ક્યારેક ઓવારી જાય છે. આવામાં સ્વાભાવિક રીતે ભારતે અમેરિકાથી એક સલામત અંતર જાળવવાની વણજાહેર નીતિ અમલી બનાવી હોય તેવી છાપે હવે ટ્રમ્પ સરકારને ભારત સાથેની મિત્રતા જાળવવાની અનિવર્યાતા વધુ એક વખત સમજાઈ રહી છે. ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમેરિકા આવીને વ્હાઈટ હાઉસના મહેમાન બનવાનું આમંત્રણ પણ આપ્યું છે. આમ તો રૂબિયો ક્વાડ દેશોના વિદેશમંત્રીઓની બેઠકમાં હાજરી આપવા દિલ્હી આવ્યા હતા, પણ તેમનો મુખ્ય એજન્ડા દ્વિપક્ષીય સંબંધોમાં ભારતની નારાજગીને દૂર કરવાનો હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવ્યું હતું. ભારત જેવા મજબૂત અર્થતંત્રની અવગણના અમેરિકા સહિત દુનિયાના કોઈપણ દેશને પરવડે તેમ નથી. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઈરાનના મામલે પાકિસ્તાનની મદદ લેવાથી ઊભી થયેલી પરિસ્થિતિની સાથોસાથ ભારતની આતંકવાદ અંગેની ચિંતા અંગે ગંભીરતા ન દર્શાવવાનાં વલણથી ભારતમાં સ્વાભાવિક રીતે નારાજગી છે. પણ હવે રૂબિયો આ નારાજગીને દૂર કરવા આવ્યા હોય તેમ તેમણે ભારતને એક મહાન દેશ અને અમેરિકાનું ભાગીદાર ગણાવીને સંખ્યાબંધ ક્ષેત્રોમાં કામ કરવાની તત્પરતા વ્યક્ત કરી છે. તેમણે તેમની ભારતયાત્રાનો ઉદ્દેશ વેપાર, સંરક્ષણ, ઊર્જા, ટેકનિકલ સહયોગની સાથોસાથ ઈન્ડો પેસેફિક દરિયાઈ વિસ્તારમાં સાથે મળીને કામ કરવાનો હોવાની વાત પણ કરી હતી. રવિવારે રૂબિયો અને વિદેશમંત્રી એસ. જયશંકરે સંયુક્ત પત્રકાર પરિષદ સંબોધી, તેમાં અમેરિકા તરફથી કેટલીક સ્પષ્ટતા પણ કરવામાં આવી. પાકિસ્તાન સાથેના સંબંધ ભારતના ભોગે ન હોવાનું રૂબિયોએ ભારપૂર્વક જણાવ્યું છે. મુલાકાતી વિદેશમંત્રીએ અમેરિકી અર્થતંત્રમાં ભારતીયોનાં યોગદાનની નોંધ લેતાં કહ્યું કે, તેની વિઝાનીતિમાં ફેરફાર ભારતીયોને નિશાન બનાવીને કરાયા નથી. અમેરિકાના આ હકારાત્મક વલણથી ભારત ભારે હરખાય તેમ નથી. ભૂતકાળમાં સંબંધો એકદમ ગાઢ હતા ત્યારે પણ જે રીતે અમેરિકાએ અચનાક વલણ બદલી નાખ્યાનો અનુભવ ભારતને છે. આવામાં હવે અમેરિકા અને તેના રાષ્ટ્રપતિની એ જવાબદારી બની રહેશે કે, ભારતના ખચકાટને ધ્યાને લઈને કરેલી વાતોને ખરા અર્થમાં અમલી બનાવે. અમેરિકાને ભારત સાથેના સંબંધો અને વલણમાં સાત્યતા આણવા પર ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. આમ થશે તો જ ભારતને અમેરિકા સાથેના સંબંધોમાં મીઠાશ રહેશે. દુનિયાને બ્રેકિંગ ન્યૂઝ આપવામાં માહેર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે કંઈ બોલે એની સત્યતા ઘણીવાર સંદેહજનક હોય છે. એટલે જ તેઓ ભારત અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરે એનાથી ફૂલાઈ જવાની જરૂર નથી. શ્રીમાન ટ્રમ્પ સનસનાટી મચાવનારા નેતા છે અને પોતે કહેલા શબ્દોનું વજન કે મહત્ત્વ ખુદ જાણતા નથી એવું ઘણીવાર અનુભવાય. ચીનમાં ત્યાંના રાષ્ટ્રપતિ શી જિનપિંગને કેટલીયવાર મહાન નેતા લેખાવ્યા. શી સરમુખત્યાર હોવા છતાં ચીનના શાસક છે.

# યુવાપેઢીમાં 'ઈન્સ્ટન્ટ પ્રસિદ્ધિ' મેળવવાનું માઝા મૂકી રહેલું વળગણ

### એક સમયે તરુણ-તરુણીઓ શિક્ષક, ડોક્ટર, વકીલ કે એન્જિનીયર બનવા ઉત્સુક રહેતાં હતાં. પરંતુ આજે કોઈને પુસ્તકોના થોથાં વાંચીને એલએલબી કે એમબીબીએસની ડીગ્રી લેવામાં રસ નથી. તેમના મતે આવા પ્રોફેશનમાં જવા સંઘર્ષ કરવો મુર્ખામી છે: તેમને તો સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ માધ્યમોમાં ઝડપથી પ્રસિદ્ધ કરે અને લાખો રૂપિયાની કમાણી કરાવી શકે તેવ કામ કરવામાં રસ છે: આવા ઈન્સ્ટન્ટ પ્રસિદ્ધિના ચક્કરમાં તેઓ જોખમી, જીવલેણ અને ઘણી વખત અસભ્ય અને સાવ નગ્ન કહી શકાય તેવા અવિચારી કામ કરવા લાગ્યા છે

એક સમયે તરુણ-તરુણીઓ શિક્ષક, ડોક્ટર, વકીલ કે એન્જિનીયર બનવા ઉત્સુક રહેતાં હતાં. પરંતુ આજે કોઈને પુસ્તકોના થોથાં વાંચીને એલએલબી કે એમબીબીએસની ડીગ્રી લેવામાં રસ નથી. તેમના મતે આવા પ્રોફેશનમાં જવા સંઘર્ષ કરવો મુર્ખામી છે: તેમને તો સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ માધ્યમોમાં ઝડપથી પ્રસિદ્ધ કરે અને લાખો રૂપિયાની કમાણી કરાવી શકે તેવ કામ કરવામાં રસ છે: આવા ઈન્સ્ટન્ટ પ્રસિદ્ધિના ચક્કરમાં તેઓ જોખમી, જીવલેણ અને ઘણી વખત અસભ્ય અને સાવ નગ્ન કહી શકાય તેવા અવિચારી કામ કરવા લાગ્યા છે આજના યુવાનોને ખૂબ જ ઝડપથી પ્રસિદ્ધ થઈ જવું છે, ચારેતરફ છવાઈ જવું છે. દુનિયા માત્ર તેમની જ ચર્ચા કરે તેવું જોઈએ છે. તેના માટે તેઓ કોઈપણ જાતના અખતરા અને જોખમો લેવા પણ તૈયાર થઈ જાય છે. આજે - ગ્લેમરવર્લ્ડની ઝાકઝમાળથી અંજાઈ ગયેલી બાળપેઢી તથા સેલિબ્રિટી પાછળ ઘેલી બનેલી યુવાપેઢી.'ઈન્સ્ટન્ટ કીર્તિ' મેળવવાના જાતજાતના નુસ્ખા શોધી રહી છે. યુવાનોમાં કોર્પોરેટ કંપનીના સીઈઓ નહીં પણ સેલિબ્રિટી બનવાની તમન્ના છે. તેમને પ્રોફેશનલ નહિ પણ પાવરફૂલ તથા પ્રારબ્ધવાદી નહિ પણ પ્રસિદ્ધ બનવું છે. મોટાભાગના તરુણો ફટાફટ ખ્યાતિ મળે તેવી કારકિર્દી પસંદ કરવામાં રમમાણ છે. તેના મતે પ્રસિદ્ધિ પાછળ પૈસો ખેંચાઈ આવે છે એટલે એક કાંકરે બે પક્ષી માર્યા જેવું થાય છે. વર્તમાન યુવા પેઢીની પ્રસિદ્ધિ ભૂખ જોઈને જાણીતા અમેરિકન આર્ટીસ્ટ અને ફિલ્મમેકર એન્ડી વૉરહોલે જણાવ્યું હતું કે, 'એક દિવસ એવો આવશે જ્યારે બધા માત્ર ૧૫ મિનિટ માટે ખ્યાતિ પ્રાપ્ત કરશે.' તેમની આ વાત ટૂંકસમયમાં હકીકત સ્વરૂપે જોવા મળશે તે નિ:શંક બાબત છે. આજે ફેશન શો, ફિલ્મ, ટીવી સિરિયલ અને રિઆલિટી શોની ભરમારને કારણે એક કીર્તિ વાંચ્છુક પેઢીનો જન્મ થયો છે. આ પેઢી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રસિદ્ધ થવાનો જ ધ્યેય ધરાવે છે. મોટાભાગના તરુણો માને છે કે સેલિબ્રિટી બનવાથી અથવા એકાદ સેલિબ્રિટીની નજીક રહેવાથી જ આજના સ્પર્ધાત્મક જગતમાં પ્રગતિ કરી શકાશે. આ અંગે યુવાપેઢીમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં અનેક અચરજભરી બાબતો જાણવા મળી છે. સર્વેમાં ભાગ લેનારા યુવાનોને પૂછવામાં આવ્યું હતું કે, તંદુરસ્તી, સ્માર્ટનેસ, પ્રસિદ્ધિ અથવા દેખાવવામાંથી તમને શું મેળવવું ગમશે? ત્યારે મોટાભાગના યુવાનોએ પ્રસિદ્ધિ પામવાની જ મહેચ્છા વ્યક્ત કરી હતી.

આ સર્વેક્ષણના અહેવાલની પુષ્ટિ શાળામાં પણ મળે છે. શાળામાં ભણતાં ટાંબરિયાઓ પણ શિક્ષણના ભોગે ખ્યાતિ પ્રાપ્ત કરવા બહાવરા બન્યા છે. તેઓ ચોક્કસ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાને બદલે ઝડપથી પ્રસિદ્ધ થવાની તકો શોધતા હોય છે. સેલિબ્રિટી બનતાં જ મળતાં અનેરા નામ-દામને કારણે યુવાપેઢી પરમ સિદ્ધિ પ્રાપ્ત થયાનું માને છે. તેમના મગજમાં સેલિબ્રિટી બનવાની ધૂન સવાર છે. કારકિર્દી લક્ષી અન્ય વિકલ્પો તેમના માટે તુચ્છ બની ગયા છે. આજની મોટાભાગની તરુણ પેઢી ઈન્ટરનેટ દ્વારા એન્જેલીના જોલી, બ્રાડ પિટ, રિહન્ના, કેરી પેરી, સૈફ અલી ખાન કે કરીના કપૂર વિશેની માહિતી મેળવવાના પ્રયાસો કરતી હોય છે.



તેમના માટે ભણતર, નોકરી કે કારકિર્દીની દિશામાં પ્રગતિને બદલે કલાકારોના બ્રેકઅપના સમાચાર વધુ મહત્ત્વના છે. સેલિબ્રિટીના ફેન (ચાહક) બનીને તેના વિશેની રજેરજ માહિતી એકઠી કરવાનું ઝનૂન તેમના પર સવાર છે. આ પ્રકારનું સેલિબ્રીટીનું વળગણ ધરાવવા પાછળના કારણો પણ નોખા નોખા હોય છે. સોફ્ટવેર કંપનીમાં તાલીમ લેતા સુધાંશુને હોલીવૂડના કલાકારોની વિગતો એકઠી કરવાનો શોખ છે. એન્જેલીના જોલી, બ્રાડ પિટ, કેટી હોમ્સ, ટોમ ક્રુઝ અને બ્રિટની સ્પીઅર્સનો તે પ્રશંસક છે. તેને પેરીસ હિલ્ટન ગમતી નથી છતાં તેના વિશે વાંચવાનું તે ચૂકતો નથી. તેના મતે સેલિબ્રિટી વિશે વાંચતા નવીન તાઝગી અનુભવાય છે. આપણા રોજિંદા નિરસ જીવનમાંથી ગ્લેમરવર્લ્ડમાં ડોકિયું કરતાં જ રસિકતાની અનુભૂતિ થાય છે. મોટાભાગના યંગસ્ટર્સના મોઢે સેલિબ્રિટીની વાતો જ સાંભળવા મળે છે એટલે તે વિશે માહિતી રાખવી અનિવાર્ય ગણાય છે એમ તેણે કહ્યું હતું. હોલીવૂડના વાલ કિલમર, જુલિયા રોબર્ટ્સ કે બોલીવૂડના સારા અલી ખાન, આયુષ્માન ખુરાના, જાન્હવી કપૂર, સૈફ અલી ખાન - કરીના કપૂરની ગોસિપ વાંચવાની કે કંઈ નવી જોડી બની અને કોનું બ્રેકઅપ થયું કે ગ્લેમરવર્લ્ડના સિતારાઓના અંગતજીવનમાં થયેલી ઉથલપાથલ વિશે જાણવાની ઉત્સુકતા તરુણો અને યુવાનોમાં હોય છે. શાળામાં ભણતાં વિદ્યાર્થીઓ પણ સેલિબ્રિટીઓની નકલ કરે છે. અત્રે ઉલ્લેખનીય વાત એ છે કે ગ્લેમરવર્લ્ડના સેલિબ્રિટીઓની જેમ જ ખેલાડીઓ સુધ્ધાં યુવાપેઢીના આદર્શ છે. ક્રિકેટ ઉપરાંત ફૂટબૉલના ખેલાડીઓ કે કાર રેસીંગના વિજેતાઓ પાછળ પણ યુવાનો દિવાના બન્યા છે. મોટાભાગના વિદ્યાર્થીઓ પુસ્તક વાંચી કારકિર્દી ઘડવાને બદલે ઝટપટ ફેમસ થવાના ઉપાયો અજમાવે છે. એકસમયે લોકો ૪૦-૫૦ વર્ષની ઉંમરના થયા બાદ અથાગ પરિશ્રમ અને બળવાન પ્રારબ્ધને કારણે પ્રસિદ્ધિ મેળવતાં અને ૭૦ વર્ષની વયે પહોંચતા સુધીમાં વૈભવી જીવનનો આરંભ થતો હતો. જ્યારે આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે ૨૫ વર્ષની વયે ખ્યાતિ મેળવનારા ચાળીસી બાદ વૈભવી જીવનશૈલીનો આનંદ માણતા હોય છે.પ્રત્યેક સિક્કાની બે બાજુ હોય છે. આ સત્ય અંતગર્ત યુવાનોમાં પ્રવર્તતા આ ટ્રેન્ડની પણ સારી અને નરસી અસર જોવા મળે છે. આ પ્રવાહની સકારાત્મક અસર એ છે કે આના લીધે વિશાળ તકો ઉદ્ભવી છે અને 'હજારો સ્પર્ધકમાંથી મારી પણ પસંદગી થઈ શકે છે.' તેવી સ્થિતિ સર્જાવાને કારણે આત્મવિશ્વાસ વધ્યો છે. પરંતુ આ કારણે જ આપણે ગાંધીજી જેવી ખરા અર્થમાં આદર્શ ગણાતી વ્યક્તિઓને ભૂલી રહ્યા છીએ. જે વ્યક્તિઓએ અન્યોના જીવનને પાટે ચડાવ્યા હોય તથા અર્થપૂર્ણ બનાવ્યા હોય તેમને વિસારે પાડી દીધા છે. ઉપરાંત કારકિર્દી અને લાંબા ગાળાના ધ્યેયની કિંમત રહી નથી અને પ્રત્યેક વ્યક્તિ યેનકેન પ્રસારે પ્રસિદ્ધ થવાના ગતકડાં કરે છે.શિક્ષકો અને વિદ્વાનો આ ટ્રેન્ડને કારણે મુંઝવણમાં મુકાઈ ગયા છે. એકસમયે તરુણ-તરુણીઓ શિક્ષક, ડોક્ટર, વકીલ કે એન્જિનીયર બનવા ઉત્સુક રહેતા હતા. પરંતુ આજે કોઈને પુસ્તકોના થોથાં વાંચીને એલએલબીકે એમબીબીએસની ડીગ્રી લેવામાં રસ નથી. તેમના મતે આવા પ્રોફેશનમાં જવા સંઘર્ષ કરવો મુર્ખામી છે. મોટાભાગનાને મોડેલ કે ફિલ્મસ્ટાર તથા કેટલાકને સ્પોર્ટ્સ સ્ટાર બનવું છે વળી મહત્ત્વની વાત એ છે કે વાલીઓ પણ આ માટે તેમને પ્રોત્સાહન આપે છે. પોતાની પુત્રીને મોડેલ કે અભિનેત્રી અથવા પુત્રને ક્રિકેટર કે હીરો બનાવવા માટે વાલીઓ તેમના ભણતરની અવગણના કરતાં પણ અચકાતાં નથી. પરંતુ આ અત્યંત ચિંતાજનક ટ્રેન્ડ છે. કારણ કે પ્રસિદ્ધિ અને બાહ્ય સૌંદર્ય ક્ષણભંગુર હોય છે. મોડેલીંગ કે ફિલ્મ ક્ષેત્રની ઝાકમઝોળ ચોક્કસ વય પૂરતી જ હોય છે. વય વધતા જ દેખાવ ફિક્કો પડતો જાય છે અને તે સાથે પ્રતિષ્ઠા પણ ઘટતી જાય છે. લોકો ખૂબ ઝડપથી ફિલ્મ કલાકારોને વિસરી જાય છે. પરંતુ યુવાનોને આ વાત સમજાવવી ખૂબ મુશ્કેલ છે. જોકે ગ્લેમરવિશ્વના સિતારાઓને આ ટ્રેન્ડ નવાઈભર્યો લાગતો નથી. તેમના મતે આપણે એક એવા વિશ્વમાં રહીએ છીએ જ્યાં આદર્શવાદ અને ખુશામત દૈનિક જીવનનો હિસ્સો બની ગયા છે. એટલે અન્યોની દેખાદેખીથી સુપ્રસિદ્ધ થવાની ઘેલછા પ્રબળ બનવી સહજ છે. પરંતુ મનોચિકિત્સકો તરુણ પેઢીમાં વધી રહેલી આ પ્રકારની તમન્ના સામે લાલબત્તી ધરે છે. તેમના મતે આ તમન્ના આગળ જતાં ખતરનાક નીવડી શકે છે. યુવાનો સેલિબ્રીટીને તેમના રોલમોડેલ બનાવીને તેમના વિશેની માહિતી મેળવવામાં તથા ગોસિપ વાંચવામાં ખાસ્સો સમય વિતાવે છે. કેટલાક તેમની જેવી હેરસ્ટાઈલ કરાવે છે કે ડ્રેસ પહેરે છે. આ કારણે તેઓ ભણવામાં ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી અને તેમની કારકિર્દી રોળાઈ જવાનો ભય રહે છે. વળી ઝડપથી પ્રસિધ્ધિ મેળવી આપતાં રિઆલીટી શોમાં ભાગ લેવા કેટલાક શાળા-કોલેજમાંથી ડ્રોપ લે છે અને તેમનું આખું વર્ષ વેડફાય છે. જોખમી રીલથી લાઈક મળી શકે, જીવન નહિ આજના સોશિયલ મીડિયા યુગમાં યુવાનો તાત્કાલિક પ્રસિદ્ધિ અને ઓનલાઈન લોકપ્રિયતા માટે પોતાનો જીવ જોખમમાં મુકી રહ્યા છે. ધ્યાન ખેંચવા, લાઈક્સ મેળવવા, ફોલોઅર્સની સંખ્યા વધારવા કેટલાક યુવાનો વિચિત્ર પોષાકો પહેરીને જાહેર સ્થળોએ રીલ બનાવે છે. કેટલાક તો વળી રેલવે ટ્રેક નજીક, ઊંચી ટેકરીઓ પર, પૂરપાટ દોડતા વાહનોમાં અથવા જોખમી ટૂરીસ્ટ સ્થળોએ સેલ્ફી લેતા નજરે પડે છે. પરફેક્ટ ફોટો અથવા વીડિયો મેળવવા તેઓ ચેતવણીની નિશાનીઓ તેમજ સુરક્ષા અવરોધો અવગણે છે. આવા બેજવાબદાર વર્તને વિશ્વભરમાં અનેક અકસ્માતો સર્જ્યા છે અને અનેકના મોત થયા છે. બોલ્ડ, ટ્રેન્ડી અને સાહસિક દેખાવવાનું દબાણ તેમને સોશિયલ મીડિયા પર બેજવાબદાર વર્તન કરવા પ્રેરે છે. ખરી સિદ્ધિનું મૂલ્ય સમજવાની બદલે તેઓ અસ્થાયી ઓનલાઈન લોકપ્રિયતા પાછળ દોટ મૂકે છે. ગમે તેટલી લોકપ્રિયતા અથવા ઓનલાઈન પ્રસિદ્ધિ જીવના ભોગે મહત્વની નથી તેવી સમજદારી યુવા પેઢીમાં કેળવવા વાલીઓ, સ્કૂલો અને સમાજે પોતાની જવાબદારી નિભાવવી પડશે. આજે - ગ્લેમરવર્લ્ડની ઝાકઝમાળથી અંજાઈ ગયેલી બાળપેઢી તથા સેલિબ્રિટી પાછળ ઘેલી બનેલી યુવાપેઢી.'ઈન્સ્ટન્ટ કીર્તિ' મેળવવાના જાતજાતના નુસ્ખા શોધી રહી છે. યુવાનોમાં કોર્પોરેટ કંપનીના સીઈઓ નહીં પણ સેલિબ્રિટી બનવાની તમન્ના છે. તેમને પ્રોફેશનલ નહિ પણ પાવરફૂલ તથા પ્રારબ્ધવાદી નહિ પણ પ્રસિદ્ધ બનવું છે. મોટાભાગના તરુણો ફટાફટ ખ્યાતિ મળે તેવી કારકિર્દી પસંદ કરવામાં રમમાણ છે. તેના મતે પ્રસિદ્ધિ પાછળ પૈસો ખેંચાઈ આવે છે એટલે એક કાંકરે બે પક્ષી માર્યા જેવું થાય છે. વર્તમાન યુવા પેઢીની પ્રસિદ્ધિ ભૂખ જોઈને જાણીતા અમેરિકન આર્ટીસ્ટ અને ફિલ્મમેકર એન્ડી વૉરહોલે જણાવ્યું હતું કે, 'એક દિવસ એવો આવશે જ્યારે બધા માત્ર ૧૫ મિનિટ માટે ખ્યાતિ પ્રાપ્ત કરશે.' આજની મોટાભાગની તરુણ પેઢી ઈન્ટરનેટ દ્વારા એન્જેલીના જોલી, બ્રાડ પિટ, રિહન્ના, કેરી પેરી, સૈફ અલી ખાન કે કરીના કપૂર વિશેની માહિતી મેળવવાના પ્રયાસો કરતી હોય છે. તેમના માટે ભણતર, નોકરી કે કારકિર્દીની દિશામાં પ્રગતિને બદલે કલાકારોના બ્રેકઅપના સમાચાર વધુ મહત્ત્વના છે. સેલિબ્રિટીના ફેન (ચાહક) બનીને તેના વિશેની રજેરજ માહિતી એકઠી કરવાનું ઝનૂન તેમના પર સવાર છે. આ પ્રકારનું સેલિબ્રીટીનું વળગણ ધરાવવા પાછળના કારણો પણ નોખા નોખા હોય છે.

# ઉનાળા માટે વર્કઆઉટ સેફ્ટી ટિપ્સ

ઉનાળામાં ફિટનેસ રૂટિન જાળવી રાખવું પડકારજનક હોય છે. આ સમયગાળા દરમિયાન વધુ પડતો પરસેવો થાય છે, ઝડપથી થાક લાગે છે અને ડિહાઈડ્રેશનનું જોખમ વધી જાય છે, જેનાથી વર્કઆઉટ મુશ્કેલ બને છે. કેટલાક લોકો આ કારણોસર કસરત કરવાનું ટાળે છે, જ્યારે કેટલાક સાવચેતી વગર વર્કઆઉટ કરે છે. આનાથી સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં, વર્કઆઉટનો સમય, રીત અને ખોરાકને હવામાન અનુસાર ગોઠવવા જરૂરી છે. સાચી માહિતી અને નાની-નાની સાવચેતીઓથી આપણે ઉનાળામાં પણ ફિટ અને ઊર્જાવાન રહી શકીએ છીએ. ઉનાળામાં વર્કઆઉટનો યોગ્ય સમય સવારે 5થી 8 વાગ્યાનો અથવા સાંજે 6 વાગ્યા પછીનો હોય છે. આ સમયે તાપમાન ઓછું હોય છે, જેનાથી શરીર પર વધુ તણાવ આવતો નથી. સવારનો વર્કઆઉટ તાજગી આપે છે, જ્યારે સાંજનો વર્કઆઉટ દિવસભરનો થાક ઓછો કરે છે. બપોરના સમયે વર્કઆઉટ કરવાનું ટાળવું જોઈએ, કારણ કે આ સમય દરમિયાન ગરમી તેની ચરમસીમા પર હોય છે, જેનાથી હીટ સ્ટ્રેસ, ડિહાઈડ્રેશન અને હીટ સ્ટ્રોકનું જોખમ અનેક ગણું વધી જાય છે. ઉનાળામાં બપોરના સમયે તાપમાન વધુ હોય છે, જેનાથી શરીર ઝડપથી ઓવરહીટ થઈ જાય છે. આનાથી હીટ સ્ટ્રોક, ચક્કર, ઉલટી અને નબળાઈ જેવી સમસ્યાઓ થઈ શકે છે. વધુ પડતો પરસેવો નીકળવાથી શરીરમાં પાણી અને ઈલેક્ટ્રોલાઇટ્સની ઉણપ પણ થઈ શકે છે, જે ગંભીર પરિસ્થિતિ ઊભી કરી શકે છે. તેથી ઉનાળામાં બપોરના સમયે વર્કઆઉટ ટાળવું જોઈએ. ઉનાળામાં વર્કઆઉટ શેડ્યૂલ ફ્લેક્સિબલ હોવું જોઈએ. આ માટે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખો. જેમ કે- સવારે કે સાંજે જ વર્કઆઉટ કરો. અઠવાડિયામાં 4-5 દિવસ વર્કઆઉટ કરો. 30-45 મિનિટનું સેશન રાખો. હળવું કાર્ડિયો (વોક, જોગિંગ) શામેલ કરો. સ્ટ્રેન્થ ટ્રેનિંગ (મસલ્સ સ્ટ્રેન્થ) અને સ્ટ્રેચિંગ (ફ્લેક્સિબિલિટી)નું સંતુલન રાખો. વચ્ચે-વચ્ચે બ્રેક લો. 1-2 દિવસ આરામ/રિકવરી માટે રાખો. ઉનાળામાં વર્કઆઉટનો સમય થોડો ઓછો રાખવો વધુ સારું છે. 30-45 મિનિટનું સેશન પૂરતું છે. વધુ સમય સુધી વર્કઆઉટ કરવાથી શરીરમાં પાણીની કમી (ડિહાઈડ્રેશન) અને થાક લાગી શકે છે. તેથી, સમયગાળા કરતાં ગુણવત્તા પર વધુ ધ્યાન આપો. વર્કઆઉટ દરમિયાન શરીર ઝડપથી ડિહાઈડ્રેટ થઈ જાય છે, તેથી યોગ્ય આહાર ખૂબ જ જરૂરી છે. વર્કઆઉટ પહેલાં હળવો, સરળતાથી પચી જાય તેવો અને એનર્જી ફૂડ લો, જેથી શરીર સક્રિય રહે. જ્યારે વર્કઆઉટ પછી શરીરને રિકવર કરવા માટે પ્રોટીન અને હાઈડ્રેશન પર ધ્યાન કેન્દ્રિત કરો. વર્કઆઉટના અડધા કલાક પહેલાં 1 મધ્યમ કદનું કેળું અને 4-5 પલાળેલી બદામ ખાવી ફાયદાકારક છે. હાઈ ઈન્ટેન્સિટી વર્કઆઉટથી શરીરનું તાપમાન ઝડપથી વધે છે, જેનાથી ઓવરહિટિંગનું જોખમ થઈ શકે છે. આ દરમિયાન પરસેવો વધુ થાય છે, જેનાથી શરીરમાં પાણી અને જરૂરી ઈલેક્ટ્રોલાઇટ્સની કમી થઈ શકે છે. તેનાથી ડિહાઈડ્રેશન, ચક્કર, હીટ એક્ઝોશન, હીટ સ્ટ્રોક અને સ્નાયુઓમાં ખેંચાણ જેવી સમસ્યાઓ થઈ શકે છે. હાઈ ઈન્ટેન્સિટી એક્સરસાઈઝથી હૃદય પર વધારાનું દબાણ પડે છે અને જલ્દી થાક લાગી જાય છે. વર્કઆઉટ માટે હળવા, ઢીલા અને શ્વાસ લઈ શકાય તેવા કપડાં પહેરો. ડાર્ક કલરને બદલે હળવા રંગના કપડાં પહેરો, જેથી પરસેવો સરળતાથી સુકાઈ શકે અને શરીર ઓવરહીટ ન થાય.

પાક્કો ગુજરાત
બુધવાર | 27 મે 2026 | અમદાવાદ

### ઝાલોદમાં સમાજ ઘર પર તોડફોડની કાર્યવાહીથી વિવાદ

# “સ્થાનિકોની લાગણી અવગણી નિર્ણય લેવાયો” : પટેલ સમાજ અને રહિશોમાં રોષ

દાહોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરના મુવાડા વિસ્તારમાં રામજી મંદિર નજીક આવેલા નવા ફળિયામાં પટેલ સમાજના સમાજ ઘર પર નગરપાલિકા દ્વારા તોડફોડની કાર્યવાહી હાથ ધરાતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. સમાજના આગેવાનો અને વિસ્તારના રહિશોએ ઘટનાસ્થળે એકત્ર થઈ કાર્યવાહીનો વિરોધ નોંધાવ્યો હતો. માહિતી અનુસાર પટેલ સમાજ દ્વારા સામાજિક પ્રસંગો તેમજ સામાન રાખવા માટે ઉપયોગમાં લેવાતું આ સમાજ ઘર ઘણા વર્ષોથી અસ્તિત્વમાં છે. સમાજ ઘરની બાજુમાં આવેલ જૂનો કૂવો હાલ બિનઉપયોગી હાલતમાં છે અને તેમાં ગંદકી તેમજ દુર્ગંધ ફેલાતી હોવાના મુદ્દે અગાઉ રજૂઆતો કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પટેલ સમાજના જ એક વ્યક્તિ દ્વારા સમાજ ઘર દૂર કરવા માટે અનેકવાર અરજી કરવામાં આવી હતી. આ અરજીના આધારે નગરપાલિકા દ્વારા જેસીબી મશીન સાથે પહોંચી સમાજ ઘર તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, વિસ્તારના રહિશો અને સમાજના સભ્યોનું કહેવું છે કે સમાજ ઘર કોઈને અવરોધરૂપ નથી અને તેનો ઉપયોગ સંપૂર્ણપણે સામાજિક હિત માટે થાય છે. લોકોનું માનવું છે કે કાગળ પર થયેલી રજૂઆતો કરતાં સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે તંત્રએ કાર્યવાહી કરતા પહેલાં વિસ્તારના રહિશો અને સમાજના આગેવાનોનું મંતવ્ય લેવું જોઈએ હતું. “જ્યાં સમાજની લાગણી જોડાયેલી હોય ત્યાં માત્ર અરજીના આધારે નિર્ણય લેવો યોગ્ય નથી,” તેવી લાગણી લોકોએ વ્યક્ત કરી હતી. વિસ્તારના લોકો હવે માંગ કરી રહ્યા છે કે તંત્ર સ્થળ પરની વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં લઈ સ્થાનિકોની રજૂઆતો સાંભળે અને સમાધાનાત્મક માર્ગ અપનાવે. ઘટનાને લઈને વિસ્તારમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.



### શહેરા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં

# વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. પોલીસ

#### એસ.ઓ.જી. ટીમ ગોધરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા

ગોધરા, ફિરદોસ ગુણીયા

વિધી ચૌધરી નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ ગોધરા રેન્જ ગોધરા તથા ડૉ.હરેશભાઈ દુધાત પોલીસ અધિક્ષક, પંચમહાલ ગોધરા નાઓએ નાસતા ફરતા આરોપી ઝડપી પાડવા જરૂરી સુચના આપેલ જે અન્વયે એમ. એ. વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. ગોધરા નાઓએ પો.સ.ઈ. એ.આર.તડવી તથા પો.સ.ઈ. બી.કે. ગોહિલ તેમજ એસ.ઓ.જી. સ્ટાફને જરૂરી સુચનો આપેલ. જે અન્વયે પો.સ.ઈ બી.કે. ગોહિલ તથા એસ.ઓ.જી. ટીમ ગોધરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હિતેશકુમાર આરતસિંહ અ.પો.કો. એસ.ઓ.જી. ગોધરા નાઓને મળેલ બાતમી આધારે શહેરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨ ૫૧૦૭૦/૨૦૨૫ પ્રોહી કલમ ૬૫(એ),૬૫(ઈ),૮૧,૯૮(૨) ના કામે નાસતો ફરતો આરોપી નામે ખાલીદ અબ્દુલ સલામ હુરી રહે.ભીલોડીયા પ્લોટ ઈસ્માઈલ મસ્જીદ પાસે ગોધરા જિ. પંચમહાલ નાને યુસુફ મસ્જીદ ગોધરા ખાતેથી ઝડપી પાડી આગળની કાર્યવાહી સારૂ ગોધરા ટાઉન બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.




# ઝાલોદની અગ્રવાલ સોસાયટીમાં એરટેલ ટાવરની ડીપીમાં આગ: સ્થાનિકોની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી


#### ફાયર બ્રિગેડ અને વીજ કંપનીએ તાત્કાલિક કાર્યવાહી કરી આગ કાબૂમાં લીધી

દાહોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરની અગ્રવાલ સોસાયટી વિસ્તારમાં આવેલ એરટેલ કંપનીના મોબાઈલ ટાવર પાસે આવેલી ડીપીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગની ઘટના સર્જાઈ હતી. ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે સ્થાનિકોની સતર્કતા અને તંત્રની ત્વરિત કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અચાનક જ કડાકા સાથે અવાજો આવવા લાગ્યા હતા અને બહાર કંઈક બળતું હોવાનું જણાતા સ્થાનિક રહેવાસીઓ બહાર દોડી આવ્યા હતા. તપાસ કરતા એરટેલ ટાવરને વીજ પુરવઠો આપતી ડીપીમાંથી તણખા ઉડી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. આ દરમિયાન ટાવર નજીક આવેલા ઝાડ-ઝાંખરામાં પણ આગ ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતા સ્થાનિકોએ તાત્કાલિક વીજ કંપની તેમજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી.



પરિસ્થિતિની ગંભીરતા સમજી વીજ કંપની દ્વારા ટાવરનો વીજ પુરવઠો તરત જ બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી પાણીનો છંટકાવ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં ડીપીનો અમુક ભાગ બળી જવાથી નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ કે અન્ય મોટું નુકસાન થયું નથી. સ્થાનિકોની સમયસરની જાગૃતિ અને તંત્રની ઝડપી કામગીરીના કારણે મોટી આગ અને સંભવિત નુકસાન અટકાવવામાં સફળતા મળી હતી.

### ONGC માટે રસ્તા બનાવવા જમીન ફાળવણીની કામગીરી હાથ ધરાઈ

# આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના બાંધણી ગામે આંબેડકર હોલની જમીન મુદ્દે દલિત સમાજનો ઉગ્ર વિરોધ

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના બાંધણી ગામે આંબેડકર હોલની જગ્યા બચાવવા મુદ્દે દલિત સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હોવાનુ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. ગામમાં ONGC માટે રસ્તા બનાવવા જમીન ફાળવણીની કામગીરી હાથ ધરાતા દલિત સમાજના લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. મળતી માહિતી મુજબ, ગામમાં આવેલ આંબેડકર હોલની આસપાસની જગ્યા પરથી રસ્તો કાઢવાની કામગીરી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી હતી. દલિત સમાજના આગેવાનો અને સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે આંબેડકર હોલ સમાજ માટે આસ્થાનું અને સામાજિક કાર્યક્રમોનું



મહત્વપૂર્ણ કેન્દ્ર છે અને તેની જગ્યા ઓછી થવાથી સમાજને ભારે નુકસાન પહોંચશે. વિરોધ દરમિયાન મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો સ્થળ પર એકત્રિત થયા હતા અને તંત્ર વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી હતી. કેટલાક લોકોએ જમીન બચાવવા માટે મરણિયા પ્રયાસો કરતા સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સમગ્ર મામલો વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સ્થળ પર પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો અને તંત્ર દ્વારા કામગીરી આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બીજી તરફ વિરોધ કરી રહેલા લોકોએ જણાવ્યું હતું કે, આંબેડકર હોલની જગ્યા બચાવવા માટે તેઓ અંત સુધી લડત આપશે. વિરોધના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. હાલ ગામમાં પરિસ્થિતિ તંગ પરંતુ કાબૂમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

### ગોધરા શહેરના કોઠી ત્રણ રસ્તા પાસેથી

# શંકાસ્પદ ઇકો ગાડી અને મુદ્દામાલ સાથે ઇસમને ઝડપી પાડતી પંચમહાલ-ગોધરા SOG પોલીસ

ગોધરા, ફિરદોસ ગુણીયા

વિધી ચૌધરી નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ ગોધરા રેન્જ ગોધરા તથા ડૉ.હરેશભાઈ દુધાત પોલીસ અધિક્ષક, પંચમહાલ ગોધરા નાઓએ મિલકત સબંધી નોંધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ જે અન્વયે એમ. એ. વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. ગોધરા નાઓએ પો.સ.ઈ. એ. આર.તડવી તથા પો.સ.ઈ. બી.કે. ગોહિલ તેમજ એસ.ઓ.જી. સ્ટાફને જરૂરી સુચનો આપેલ. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ગોધરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઇ. એ.આર. તડવી એસ.ઓ.જી. ગોધરા નાઓને મળેલ બાતમી આધારે એસ.ઓ.જી. ટીમ કોઠી ત્રણ રસ્તાની બાજુમાં આવેલ માસુમ મોટર્સ ઓટો કન્સલન્ટના પાર્કીંગમાં વેચાણ અર્થે મુકેલ ઈકો ગાડી નં.GJ-01-RS-7318 ના માલીક મોહમંદ સઈદ અબ્દુલ રઉફ ઉમરજી રહે.શિકારી મહોલ્લા ગોધરાની પાસેથી આ ઈકો ગાડીની આર.સી. બુક માંગતા તેની પાસે આર.સી. બુક નહી હોવાનુ જણાવેલ અને તેણે આ ઈકો ગાડી બાબતે AU Small Finance Bank નો લેટર રજુ કરેલ જે લેટરમાં જણાવેલ એન્જીન નંબર તથા આ ઈકો ગાડીના ઉપર લખેલ એન્જીન તથા ચેસીસ નંબર રૂબરૂમાં જોતા તે ગાડી ઉપર લખેલ એન્જીન નંબરમાં વિસંગતતા આવતી હોય જેથી આ ઈકો શંકાસ્પદ લાગતા તેની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- ની ગણી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૦૬(૧) મુજબ તપાસ અર્થે કબ્જે કરી મોહમંદ સઈદ અબ્દુલ રઉફ ઉમરજી રહે.શિકારી મહોલ્લા ગોધરા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૫(૧)(ઈ) મુજબ અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# આણંદમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા તાલીમ, કૃષિ નિદર્શન અને પ્રેરણા પ્રવાસના નિયમિત આયોજનથી જિલ્લાના હજારો ખેડૂતો થયા લાભાન્વિત

#### સમગ્ર વર્ષ દરમિયાન ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિઓથી અવગત કરવા માટે જિલ્લા અને રાજ્ય સ્તરે વ્યાપક તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લામાં ખેતીવાડી અને સંલગ્ન ક્ષેત્રોના આધુનિકીકરણ તેમજ ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત 'એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી' એટલે કે 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના એક વર્ષના સમયગાળા દરમિયાન ખેતી અને ખેડૂતોના વિકાસ અર્થે કુલ રૂપિયા ૬૦.૫૯ લાખના ખર્ચે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.

આત્મા પ્રોજેક્ટ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિઓથી અવગત કરવા માટે જિલ્લા અને રાજ્ય સ્તરે વ્યાપક તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આત્મા દ્વારા અંદાજિત રૂપિયા પાંચ લાખથી વધુના ખર્ચે ૧૧૫૦ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. જેમાં રાજ્યની અંદર ૬૬૪ ખેડૂતોને તથા જિલ્લાની અંદર (નોન-રેસિડેન્શિયલ) તાલીમ હેઠળ કુલ ૪૮૬ ખેડૂતોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ખેડૂતો પ્રત્યક્ષ જોઈને નવું જ્ઞાન સ્વીકારે તે હેતુથી જિલ્લામાં વિવિધ પ્રાયોગિક નિદર્શનો પણ ગોઠવવામાં આવ્યા હતા.

વર્ષ દરમિયાન ખેડૂતો નવીનતમ કૃષિ મોડલ અને સફળ ખેતી પદ્ધતિઓ નિહાળી અને સમજી શકે તે માટે જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા વિવિધ પ્રેરણા પ્રવાસો યોજવામાં આવ્યા હતા.

કુલ રૂપિયા ૬.૬૪ લાખના ખર્ચે ૧૮૬૫ ખેડૂતો આ પ્રેરણા પ્રવાસથી લાભાન્વિત થયા છે. જે પૈકી 'જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ' અંતર્ગત ૯૦૧ ખેડૂતોને વિવિધ આધુનિક ફાર્મની મુલાકાત કરાવવામાં આવી છે, જ્યારે રાજ્યની અંદર અન્ય પ્રગતિશીલ વિસ્તારોના પ્રવાસનો ૯૬૪ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

ખેડૂતો સ્વયં આત્મનિર્ભર બને તે માટે મહિલા અને પુરૂષ ખેડૂતોના જૂથો બનાવવા ઉપર તેમજ ખેડૂત કેપેસીટી બિલ્ડીંગ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ 'બેસ્ટ ફાર્મર આત્મા એવોર્ડ' અંતર્ગત કૃષિ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનારા ૧૬ પ્રગતિશીલ ખેડૂતોને પુરસ્કાર એનાયત કરી પ્રોત્સાહિત કરવામા આવ્યા છે.

આત્મા દ્વારા જિલ્લા કક્ષાએ 'ફાર્મર સાયન્ટિસ્ટ ઈન્ટરરેક્શન' એટલે કે ખેડૂત અને વૈજ્ઞાનિક વચ્ચે સીધો સંવાદના ૦૨ કાર્યક્રમો યોજવામા આવ્યા હતા તે ઉપરાંત નવીન પ્રયોગોના આદાન-પ્રદાન માટે જિલ્લામાં ૧૬ જેટલી 'કિસાન ગોષ્ઠી' યોજીને ખેડૂતોની સમસ્યાઓનું સ્થળ પર જ નિવારણ કરવામાં આવ્યું હતુ. તેમજ ખેડૂતો પ્રાયોગિક ધોરણે વાવેતર શીખી શકે તે માટે જિલ્લામાં રૂપિયા ૪.૪૬ લાખના ખર્ચે ૨૨ ખેતર શાળા (ફાર્મ સ્કૂલ) સક્રિય કરવામા આવી છે.

# વણાટકામ કલાકાર રામજી મારવાડાનું સન્માન, 'અબ્દુલ મિયાં' શરદ સાંકલાના હસ્તે એવોર્ડ એનાયત

#### રામજી મારવાડાએ માં સાંયરા યક્ષના પરંપરાગત વણાટકામને આધુનિક ડિઝાઇન્સ સાથે નવો વળાંક આપ્યો

કચ્છ, અબુબકર લૈયારી

બનાસકાંઠાના પાલનપુર ખાતે 'આર્ટ ઓફ સંસ્કૃતિ' સંસ્થા દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા 'ગુજરાત ગૌરવ એવોર્ડ 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત કલાને જીવંત રાખનારા કલાકારોને આ પ્રસંગે સન્માનિત કરાયા હતા. આ સમારોહમાં માં સાંયરા યક્ષના વણાટકામના જાણીતા કારીગર અને અવનવી આકર્ષક ડિઝાઈન્સ માટે પ્રખ્યાત _શ્રી રામજી મારવાડા_ને હસ્તકલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ _'ગુજરાત ગૌરવ એવોર્ડ 2026'થી નવાજવામાં આવ્યા હતા અબ્દુલ મિયાંના હસ્તે સન્માન: 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'




ફેમ 'અબ્દુલ મિયાં'નું પાત્ર ભજવતા જાણીતા અભિનેતા શ્રી શરદ સાંકલા મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે રામજી મારવાડાને એવોર્ડ, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરાયા. આ ક્ષણે હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો હતો.

રામજી મારવાડાએ માં સાંયરા યક્ષના પરંપરાગત વણાટકામને આધુનિક ડિઝાઈન્સ સાથે નવો વળાંક આપ્યો છે. એવોર્ડ મળતા તેમણે જણાવ્યું, _'આ એવોર્ડ માત્ર મારું નહીં, આપણી સદીઓ જૂની વણાટકામની પરંપરાનું સન્માન છે. શરદ સાંકલાજીના હસ્તે એવોર્ડ મળવો ગર્વની વાત છે. કાર્યક્રમમાં 'આર્ટ ઓફ સંસ્કૃતિ'ના પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ઘણી વખત ગામોમાં મતભેદો અને વિવાદો ઊભા થતા હોય છે, પરંતુ

# ગરૂડેશ્વરના પીછીપુરા ગેમર ગંગા દશહરાની ઉજવણી દ્વારા ગામમાં એકતા અને ભાઈચારાનો અપાયો સંદેશ

- **પીછીપુરા ગામ ખાતે ગંગા દશહરાની ઉજવણી નિમિત્તે યુવા એકતા ગ્રુપ દ્વારા ગામમાં એકતા અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું**

નર્મદા, વહાબ શેખ

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ઘણી વખત ગામોમાં મતભેદો અને વિવાદો ઊભા થતા હોય છે, પરંતુ પીછીપુરાના યુવાનો દ્વારા ચૂંટણી પૂર્ણ થયાના બીજા જ દિવસે ગામમાં પ્રેમભાવ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે સૌને સાથે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ગામના વડીલો, બહેનો, બાળકો તથા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ મારફતે એક જ સંદેશ આપવામાં આવ્યો હતો કે ચૂંટણીઓ તો આવતી જતી રહેવાની છે, પરંતુ તેના કારણે ગામની શાંતિ અને સંબંધો બગાડવાના નથી.



સૌએ સંપીને, પ્રેમભાવથી અને એકબીજાની લાગણી સમજીને સાથે રહેવું જોઈએ.યુવા એકતા ગ્રુપ છેલ્લા બે વર્ષથી ગામમાં એકતા અને શાંતિ માટે સતત કાર્ય કરી રહ્યું છે.ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ ગામમાં લોકો વચ્ચે પ્રેમભાવ અને ભાઈચારો જાળવી રાખવાનો છે.

આ વર્ષે યોજાયેલ ગંગા દશહરા કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.કાર્યક્રમમાં ભજન-કીર્તનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

બાળકો, બહેનો અને વડીલોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો અને ગામનો દરેક વ્યક્તિ એકબીજાને હસતાં મુખે મળતો જોવા મળ્યો હતો.

આ દૃશ્યો જોઈને છેલ્લા બે વર્ષની મહેનત સફળ થઈ હોવાની ખુશી અનુભવાઈ હતી.આગળ પણ ગામ અને સમાજમાં આવી જ એકતા અને પ્રેમભાવનું કાર્ય ચાલુ રાખવામાં આવશે એવી લાગણી યુવા એકતા ગ્રુપ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

### ચોક્કસ બાતમીના આધારે

# લીમડી પોલીસની કાર્યવાહી : દારૂ ભરેલી બોલેરો સાથે 3.86 લાખનો મુદ્દામાલ જપ્ત

#### પોલીસને જોઈ ચાલક અને સાગરિત ખેતરોમાં ફરાર, પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો

દાહોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં લીમડી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી વિદેશી દારૂ ભરેલી મહીન્દ્રા બોલેરો ગાડી ઝડપી પાડી હતી. જોકે પોલીસનો ઘેરાવો થતાં જ ગાડીનો ચાલક અને તેની સાથેનો એક શખ્સ અંધારાનો લાભ લઈ ખેતરો તરફ નાસી છૂટ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂ.3.86 લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર લીમડી પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ પેટ્રોલિંગમાં હતા ત્યારે એક મહીન્દ્રા બોલેરો ગાડી નંબર GJ-01 RA-2971 માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઝાલોદ તરફથી સીમલીયા મહેલીયા ફળીયા તરફ લઈ જવાતો હોવાની




ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે બે પંચ સાક્ષીઓને સાથે રાખી સીમલીયા મહેલીયા ફળીયા રોડ ઉપર વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમી મુજબની બોલેરો ગાડી આવતાં પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે વાહનને રોકતા જ ગાડીમાં સવાર ચાલક અને તેનો સાગરિત ગાડી મૂકી અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી છૂટ્યા હતા.

પંચોની હાજરીમાં પોલીસે ગાડીની તપાસ કરતા ખાખી રંગના પુઠ્ઠાના બોક્સ મળી આવ્યા હતા. બોક્સ ખોલી તપાસ કરતા તેમાં કિંગફિશર એક્સ્ટ્રા સ્મૂથ સ્ટ્રોંગ પ્રીમિયમ બિયર 500 એમએલ ની 18 પેટીમાંથી કુલ 432 ટીન તેમજ કાઉન્ટી ક્લબ ડિલક્સ વિસ્કી 180 એમએલ ની 5 પેટીમાંથી કુલ 240 ક્વાર્ટર મળી આવ્યા હતા.

પોલીસે રૂ.86,400 કિંમતનો વિદેશી દારૂ તથા અંદાજે રૂ.3 લાખ કિંમતની બોલેરો ગાડી મળી કુલ રૂ.3,86,400નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ બનાવ અંગે લીમડી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ 65(ઈ), 98(2) અને 116(બી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



### 'ચાંદ મેરા દિલ'ના ભરતનાટ્યમ સીન પર ભડક્યા લોકો

# નવી ફિલ્મ આવતાં જ ફરી અનન્યા પાંડે ટ્રોલર્સને હાથ ચડી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ અનન્યા પાંડે ફરી એકવાર સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રોલ થઈ રહી છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન હેઠળ બનેલી અને વિવેક સોની દ્વારા નિર્દેશિત તેની લેટેસ્ટ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'ચાંદ મેરા દિલ' થિયેટરોમાં રિલીઝ થઈ ચૂકી છે. આ ફિલ્મમાં અનન્યાની સાથે એક્ટર લક્ષ્ય મુખ્ય ભૂમિકામાં છે. જોકે, ફિલ્મની સ્ટોરી કરતાં અત્યારે સોશિયલ મીડિયા પર અનન્યાના ડાન્સ સીનની ક્લિપ જોરદાર વાઈરલ થઈ રહી છે, જેના કારણે તે ભારે ટીકાઓનો સામનો કરી રહી છે. વાઈરલ થયેલી ક્લિપમાં અનન્યા પાંડે પરંપરાગત ભરતનાટ્યમના આઉટફિટમાં સ્ટેજ પર પરફોર્મ કરતી જોવા મળે છે. પૃષ્ઠભૂમિમાં ભગવાન નટરાજની મૂર્તિ પણ રાખવામાં આવી છે. આ વીડિયો ઓનલાઈન સામે આવ્યા બાદ શાસ્ત્રીય નૃત્યના ચાહકો અને નેટિઝન્સે તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. ઈન્સ્ટાગ્રામ અને X (ટ્વિટર) પર યૂઝર્સ દ્વારા 'કોઈ અભિવ્યક્તિ નહીં,' 'કોઈ ગ્રેસ નહીં,' અને 'કોઈ લાગણીઓ નહીં' જેવી કમેન્ટ્સ કરવામાં આવી રહી છે. કેટલાક યૂઝર્સે તો તેની સરખામણી શ્રીદેવી અને સાઈ પલ્લવી જેવા કલાકારો સાથે કરીને અનન્યાના ડાન્સને 'રોબોટિક' ગણાવ્યો છે. એટલું જ નહીં, પ્રખ્યાત ભરતનાટ્યમ ડાન્સર અનિતા રત્નમ અને પદ્મ વિભૂષણ ડૉ. સોનલ માનસિંગ જેવા દિગ્ગજોએ પણ આ પ્રદર્શન અંગે નારાજગી વ્યક્ત કરી છે અને ક્લાસિકલ આર્ટ ફોર્મની ગરિમા જાળવવાની સલાહ આપી છે. સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ વચ્ચે, આ સીન પાછળનું સાચું કારણ અને ફિલ્મનો સંદર્ભ હવે સામે આવ્યો છે. ફિલ્મ 'ચાંદ મેરા દિલ'માં અનન્યા પાંડેનું પાત્ર 'ચાંદની' એક ભરતનાટ્યમ ડાન્સરની પુત્રી છે. ફિલ્મમાં તે એક એન્જિનિયરિંગ કોલેજના ફંક્શનમાં ટ્રેડિશનલ ભરતનાટ્યમ કરવાને બદલે વેસ્ટર્ન હિપ-હોપ, લૉકિંગ અને ક્લાસિકલ ડાન્સનું એક ફ્યુઝન (અલગ-અલગ નૃત્ય શૈલીઓનું મિશ્રણ) રજૂ કરે છે. સોશિયલ મીડિયા પર આ પરફોર્મન્સના અંતની માત્ર થોડી સેકન્ડની ક્લિપ જ વાઈરલ થઈ છે, જેને લોકોએ સત્ય જાણ્યા વગર કે આખો ડાન્સ જોયા વગર ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. અનન્યા પાંડે માટે સોશિયલ મીડિયા પર ટ્રોલ થવું કોઈ નવી વાત નથી. તેણે વર્ષ 2019માં ટાઈગર શ્રોફ અને તારા સુતારિયા સાથે 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું ત્યારથી જ તે સતત ચર્ચામાં રહી છે: નેપોટિઝમ અને બેસ્ટ ડેબ્યૂ એવોર્ડ: ચંકી પાંડેની પુત્રી હોવાના કારણે શરૂઆતથી જ તેની પર નેપોટિઝમ (ભાઈ-ભત્રીજાવાદ)નો ટેગ લાગ્યો. જ્યારે તેને 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2' માટે ફિલ્મફેર બેસ્ટ ફીમેલ ડેબ્યૂનો એવોર્ડ મળ્યો.

**ઐશ્વર્યા રાયની મજાક કરતાં યુઝર્સને કંગનાની ફટકાર, લોકોને આડેહાથ લીધા**

## દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયાના ઘરે ગુંજી કિલકારી

### અભિનેત્રીએ જોડિયા બાળકોને આપ્યો જન્મ, કેપ્શનમાં લખ્યું- 'મેરે કરણ અર્જુન આ ગયે'

મુંબઈ

ટેલિવિઝન જગતના સૌથી લોકપ્રિય અને વ્હાલા કપલ્સમાંથી એક એવા દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયાના ઘરે ખુશીઓનો ડબલ ડોઝ આવ્યો છે. મંગળવારે એટલે કે 26 મેના રોજ દિવ્યાંકા અને વિવેકે સોશિયલ મીડિયા પર ચાહકો સાથે એક ખૂબ જ આનંદદાયક સમાચાર શેર કર્યા છે. અભિનેત્રીએ જોડિયા પુત્રોને જન્મ આપ્યો છે, જેનાથી આ કપલના ઘરે માતા-પિતા બનવાનો સોનેરી અવસર આવ્યો છે. આ ગુડ ન્યૂઝ શેર કરતાની સાથે જ સોશિયલ મીડિયા પર તેમને અભિનંદન આપવામાં આવી રહ્યાં છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરી ખાસ પોસ્ટ દિવ્યાંકા અને વિવેકે આ ખુશખબર પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સુંદર પોસ્ટર શેર કરીને આપી છે. આ પોસ્ટરમાં બે નાના બાળકોના કાર્ટૂન ચિત્રો સાથે લખ્યું છે, 'અમે ખુશીઓ માંગી હતી...

ભગવાને કહ્યું, 'ડબલ લો.' જોડિયા દીકરાઓનો જન્મ થયો છે.' આ પોસ્ટની સાથે કેપ્શનમાં નવા માતા-પિતાએ પોતાની ખુશી વ્યક્ત કરતા લખ્યું કે, 'આખરે પ્રતીક્ષાનો અંત આવ્યો છે... 'ધ બોય્ઝ' આવી ગયા છે અને જિંદગી અમારી કલ્પના કરતાં પણ વધુ સુંદર લાગી રહી છે. મેરે કરણ અર્જુન આ ગયે! હું અને દિવ (દિવ્યાંકા) જ્યારે માતા-પિતા તરીકેના આ અદ્ભુત નવા પ્રકરણની શરૂઆત કરી રહ્યા છીએ, ત્યારે તમારા બધાના પ્રેમ અને આશીર્વાદની જરૂર છે.

' સેલેબ્સે પાઠવ્યા અભિનંદન આ કપલે જેવી જ આ પોસ્ટ શેર કરી, કે તરત જ ટીવી ઈન્ડસ્ટ્રીના તેમના મિત્રો અને ચાહકોએ કમેન્ટ સેક્શનમાં પ્રેમ અને આશીર્વાદ વરસાવવાનું શરૂ કરી દીધું હતું. અભિનેત્રી માહી વિજ, હિરેન તેજવાની અને શ્રેણુ પરીખ સહિતના કલાકારોએ કપલને આ નવા સફર માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. શ્રેણુ પરીખે લખ્યું, 'Congratulations guys,' જ્યારે હિતેન તેજવાનીએ કમેન્ટ કરી, 'Congratulations.. god bless.'



## અક્ષય કુમારનો અતરંગી અવતાર વાયરલ: નવું ગીત 'ઘિસ ઘિસ ઘિસ' ધૂમ મચાવી રહ્યું છે!

### બોલિવૂડના ઓરિજિનલ ખિલાડી અને બિંદાસ એન્ટરટેનર અક્ષય કુમાર ફરી એકવાર દર્શકોને પેટ પકડીને હસાવવા માટે તૈયાર છે

મુંબઈ

બોલિવૂડના ઓરિજિનલ ખિલાડી અને બિંદાસ એન્ટરટેનર અક્ષય કુમાર ફરી એકવાર દર્શકોને પેટ પકડીને હસાવવા માટે તૈયાર છે. મોસ્ટ અવેટેડ ફિલ્મ *'વેલકમ ટુ ધ જંગલ'*નું નવું ગીત 'ઘિસ ઘિસ ઘિસ' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું છે. આ ગીતમાં અક્ષય કુમારનો અત્યાર સુધીનો સૌથી પાગલપંથી ભર્યો અને અતરંગી અવતાર જોવા મળી રહ્યો છે, જેમાં તેઓ એક ઓવર-ધ-ટોપ ભોજપુરી સુપરસ્ટારના રોલમાં નજર આવે છે.

ચમકદાર કપડાં, ધમાકેદાર સ્વેગ અને જબરદસ્ત કોમિક ટાઈમિંગ સાથે અક્ષય કુમાર એક કાલ્પનિક ભોજપુરી ફિલ્મનું શૂટિંગ કરતા દેખાય છે. ઈન્ટરનેટ પર ફેન્સ આ સીક્વન્સને ભોજપુરી મસાલા ફિલ્મોની ફની સ્પૂફ ગણાવી રહ્યા છે. જ્યાં મોટા સ્ટાર્સ સેફ રોલ પસંદ કરે છે, ત્યાં અક્ષયે કોઈ પણ જાતના સંકોચ વગર આ લાઉડ અને કલરફુલ પાત્ર ભજવીને સાબિત કર્યું છે કે કિંગ ઓફ કોમેડી કોણ છે!

**ગીતની વિગતો અને સ્ટાર કાસ્ટ**

મ્યુઝિક લેબલ: જંગલી મ્યુઝિક (ટાઈમ્સ મ્યુઝિક યૂટ્યુબ ચેનલ)


કમ્પોઝર અને સિંગર: વિક્રમ મોન્ટ્રોઝ (સાથે સુપ્રિયા પાઠક)

ગીતકાર: અભિનવ શેખર

ટાર સ્ટડેડ ધમાકા: અહમદ ખાનના નિર્દેશનમાં બનેલી આ મલ્ટિસ્ટારર ફિલ્મમાં સુનીલ શેટ્ટી, પાપા પરેશ રાવલ, અરશદ વારસી, જેકી શ્રોફ, રવિના ટંડન, દિશા પટાની અને જેકલીન ફર્નાન્ડિઝ સહિત બોલિવૂડના ૩૦થી વધુ દિગ્ગજ કલાકારોની ફોજ જોવા મળશે.

ફિરોઝ એ. નાડિયાડવાલા નિર્મિત અને બેઝ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ પ્રોડક્શનની આ ફિલ્મ ૨૬ જૂન ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની આ પાગલપંથી દર્શકોને ફૂલ-ઓન એન્ટરટેનમેન્ટનો ડબલ ડોઝ આપશે તે નક્કી છે.





## રાજકુમાર રાવ સ્ટારર 'રફ્તાર'ની રિલીઝ ડેટ પાછળ ઠેલવાઈ

મુંબઈ

રાજકુમાર રાવ અને સાઉથ એક્ટ્રેસ કીર્તિ સુરેશ સ્ટારર ફિલ્મ 'રફ્તાર' હવે 16 ઓક્ટોબર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ અગાઉ જુલાઈ મહિનામાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેને દશેરાના લાંબા વીકએન્ડ પર દર્શકો સમક્ષ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફિલ્મને એમેઝોન એમજીએમ સ્ટુડિયોનો ટેકો મળ્યો છે. આ ફિલ્મનું નિર્માણ રાજકુમારની પત્ની એને એક્ટ્રેસ પત્રલેખાએ તેના બેનર 'કમ્પા ફિલ્મ' હેઠળ કર્યું છે. પ્રોડ્યુસર તરીકે પત્રલેખા અને રાજકુમાર રાવની આ પ્રથમ થિયેટ્રિકલ ફિલ્મ હશે. આ ફિલ્મનું ડિરેક્શન આદિત્ય નિમ્બાલકરે કર્યું છે. ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરુણ બાલી છે, જ્યારે વાર્તા અને સ્ક્રીનપ્લે રોહન નારુલાએ લખ્યા છે. ફિલ્મના વિતરણની જવાબદારી પીવીઆર આઈનોક્સ પિક્ચર્સ સંભાળશે. આ ફિલ્મમાં અનુરાગ ઠાકુર, રોહન વર્મા, તાન્યા માનિકતલા અને રજત કપૂર પણ મહત્ત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. 'રફ્તાર' એક ડ્રામા ફિલ્મ છે, જે મહત્વાકાંક્ષા, સત્તા અને સફળતાની દોડમાં ચૂકવવામાં આવતી ભાવનાત્મક કિંમતને દર્શાવે છે. વાર્તા ભારતના ઝડપથી વિકસતા એડ-ટેક ઈન્ડસ્ટ્રીની પૃષ્ઠભૂમિ પર આધારિત છે, જ્યાં એક સ્ટાર્ટઅપની ઝડપી સફળતા અને ત્યારબાદ આવતા ઉતાર-ચઢાવને દર્શાવવામાં આવશે. ફિલ્મ એ પણ દર્શાવે છે કે મોટા સપનાની ચાહત કઈ રીતે નૈતિક સીમાઓને ધૂંધળી કરી દે છે અને અંગત સંબંધોને અસર કરે છે.

રાજકુમાર રાવ અને સાઉથ એક્ટ્રેસ કીર્તિ સુરેશ સ્ટારર ફિલ્મ 'રફ્તાર' હવે 16 ઓક્ટોબર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ અગાઉ જુલાઈ મહિનામાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેને દશેરાના લાંબા વીકએન્ડ પર દર્શકો સમક્ષ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફિલ્મને એમેઝોન એમજીએમ સ્ટુડિયોનો ટેકો મળ્યો છે. આ ફિલ્મનું નિર્માણ રાજકુમારની પત્ની એને એક્ટ્રેસ પત્રલેખાએ તેના બેનર 'કમ્પા ફિલ્મ' હેઠળ કર્યું છે. પ્રોડ્યુસર તરીકે પત્રલેખા અને રાજકુમાર રાવની આ પ્રથમ થિયેટ્રિકલ ફિલ્મ હશે. આ ફિલ્મનું ડિરેક્શન આદિત્ય નિમ્બાલકરે કર્યું છે. ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરુણ બાલી છે, જ્યારે વાર્તા અને સ્ક્રીનપ્લે રોહન નારુલાએ લખ્યા છે. ફિલ્મના વિતરણની જવાબદારી પીવીઆર આઈનોક્સ પિક્ચર્સ સંભાળશે. આ ફિલ્મમાં અનુરાગ ઠાકુર, રોહન વર્મા, તાન્યા માનિકતલા અને રજત કપૂર પણ મહત્ત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. 'રફ્તાર' એક ડ્રામા ફિલ્મ છે, જે મહત્વાકાંક્ષા, સત્તા અને સફળતાની દોડમાં ચૂકવવામાં આવતી ભાવનાત્મક કિંમતને દર્શાવે છે. વાર્તા ભારતના ઝડપથી વિકસતા એડ-ટેક ઈન્ડસ્ટ્રીની પૃષ્ઠભૂમિ પર આધારિત છે.

## રણવીર સિંહ સાથે હવે કોઈ કામ નહીં કરે: ડોન 3 ફિલ્મને લાગ્યો મોટો ઝટકો, અભિનેતા પર લાગ્યો સત્તાવાર પ્રતિબંધ!

મુંબઈ/અમદાવાદ

હિન્દી સિનેમા જગતમાંથી આ સમયના સૌથી ચોંકાવનારા અને આંચકાજનક સમાચાર સામે આવી રહ્યા છે. બોલિવૂડની મોસ્ટ અવેટેડ અને ચર્ચિત ફિલ્મ ડોન ૩ ને લઈને સિનેમા પ્રેમીઓ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે એક મોટો આંચકો લાગ્યો છે. ફિલ્મ ઉદ્યોગની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થા એફડબલ્યુઆઈસીએ (FWICE) દ્વારા અભિનેતા રણવીર સિંહ પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હોવાના અહેવાલોથી ખળભળાટ મચી ગયો છે. શું છે સમગ્ર વિવાદ અને ફરિયાદ?


મળતી માહિતી અનુસાર, ડોન ૩ ફિલ્મની પ્રોડક્શન કંપની એક્સેલ એન્ટરટેઇનમેન્ટના માલિક અને જાણીતા ડાયરેક્ટર-પ્રોડ્યુસર ફરહાન અખ્તર દ્વારા આ મામલે સત્તાવાર ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદને ગંભીરતાથી લઈને એફડબલ્યુઆઈસીએ સંસ્થા દ્વારા રણવીર સિંહ સામે આ કડક પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રતિબંધના કારણે હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કોઈ પણ સભ્યો કે ટેકનિશિયનો રણવીર સિંહ સાથે કામ કરી શકશે નહીં, જેના કારણે ફિલ્મમાં હમઝા ઉર્ફે ડોન તરીકે રણવીર સિંહ જોવા મળશે કે નહીં તે અંગે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ડોન ૩ ના ભવિષ્ય પર સંકટ:

અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન બાદ ડોન ફ્રેન્ચાઈઝીને આગળ ધપાવવા માટે રણવીર સિંહની પસંદગી કરવામાં આવી હતી, જેને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ હતો.

પરંતુ અચાનક સામે આવેલા આ વિવાદ અને પ્રતિબંધના કારણે કરોડોના બજેટે બનનારી આ મોગા ફિલ્મનું ભવિષ્ય હવે અદ્ધરતાલ થઈ ગયું છે. પ્રોડક્શન હાઉસ અને અભિનેતા વચ્ચે કયા કારણોસર વિવાદ વકર્યો અને વાત આટલી હદે પ્રતિબંધ સુધી પહોંચી, તે અંગે હજુ સત્તાવાર વિગતો બહાર આવવાની બાકી છે.

બોલિવૂડમાં આ પ્રકારના મોટા કલાકારો પર પ્રતિબંધ લાગવાની ઘટનાઓ ખૂબ જ ઓછી જોવા મળે છે. ફરહાન અખ્તર અને રણવીર સિંહ બંને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ટોચના નામો છે, ત્યારે આ વિવાદ હવે કયું નવું સ્વરૂપ લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. જો આ પ્રતિબંધ લાંબો સમય ચાલશે, તો માત્ર ડોન ૩ જ નહીં પરંતુ રણવીર સિંહની આગામી અન્ય ઘણી મોટી ફિલ્મોના શૂટિંગ અને બિઝનેસ પર પણ તેની ખૂબ જ માઠી અસર પડી શકે છે.



## પંત આ સીઝનમાં ન તો બેટથી કોઈ કમાલ કરી શક્યા, ન તો તેમની કેપ્ટનશીપ સફળ રહી

# IPLથી બહાર થયા બાદ ભાવુક થયો રિષભ પંત, ઈમોશનલ વીડિયો વાઈરલ

નવી દિલ્હી

ઋષભ પંત માટે આઈપીએલ (IPL 2026) ખૂબ જ નિરાશાજનક રહી છે. હાલમાં સોશિયલ મીડિયા પર પંતનો એક ઈમોશનલ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આઈપીએલમાંથી બહાર થયા બાદ 27 કરોડના આ કેપ્ટને ફેન્સનો આભાર માન્યો હતો, પરંતુ તેમના ચહેરા પરની નિરાશા અને અવાજમાં છુપાયેલું દર્દ ચર્ચાનો વિષય બન્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 19મી સીઝન વિકેટ કીપર બેટ્સમેન ઋષભ પંત માટે ભૂલી જવા જેવી રહી છે. પંત આ સીઝનમાં ન તો બેટથી કોઈ કમાલ કરી શક્યા, ન તો તેમની કેપ્ટનશીપ સફળ રહી. લખનૌ સુપર જાયન્ટ્સ (LSG)ની સતત હાર, ખરાબ કેપ્ટનશીપ, ફ્લોપ બેટિંગ અને સતત વધતા દબાણ વચ્ચે હવે તેમનો એક ભાવુક વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ ફેન્સ વચ્ચે એ ચર્ચા તેજ થઈ ગઈ છે કે શું પંત પર કેપ્ટનશીપનું દબાણ હવે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે? આઈપીએલ 2026માં લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ 14 મેચમાંથી માત્ર 4





મેચ જીતી શકી હતી, અને પોઈન્ટ્સ ટેબલમાં સૌથી છેલ્લા સ્થાને રહી હતી. ગત સીઝનમાં સાતમા સ્થાને રહ્યા બાદ આ વખતે ટીમનું છેક છેલ્લે પટકાવું એ ફ્રેન્ચાઈઝી માટે બહુ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. લખનઉ સુપર જાયન્ટ્સે 2025ના મેગા ઓક્શન દરમિયાન ઋષભ પંતને 27 કરોડ રૂપિયાની રેકોર્ડબ્રેક કિંમતે ખરીદ્યો હતો, જેથી ટીમને તેમની પાસેથી મોટી આશાઓ હતી, પરંતુ પંત આ અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યા નહોતા. ઋષભ પંતે કહ્યુ કે 'ખૂબ ખૂબ આભાર. આ સીઝન અમારા માટે ખૂબ જ મુશ્કેલ રહી. અમે ખૂબ મહેનત કરી હતી.

દરેક પરિસ્થિતિમાં ટીમને સપોર્ટ કરવા બદલ હું તમારો આભારી છું. અમે મજબૂત વાપસી કરીશું, બસ ટીમ પર તમારો ભરોસો જાળવી રાખજો.' કોઈ સમયે આઈપીએલના સૌથી ખતરનાક બેટ્સમેનોમાં ગણાતા ઋષભ પંતનું બેટ છેલ્લા બે સીઝનથી શાંત જોવા મળી રહ્યું છે. LSG માટે રમતા તેમના સ્ટ્રાઈક રેટ અને રન બંનેમાં મોટો ઘટાડો નોંધાયો છે. આ દરમિયાન લખનૌના ડાયરેક્ટર ઓફ ક્રિકેટ ટોમ મૂડીએ પણ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે પંત પર કેપ્ટનશીપનું પ્રેશર સાફ દેખાતું હતું. પંજાબ કિંગ્સ (PBKS) સામેની છેલ્લી મેચ બાદ મૂડીએ જણાવ્યું હતું કે, 'કેપ્ટનશીપ તેમના માટે પડકારજનક રહી છે અને પરિણામો પણ એ જ દર્શાવે છે. આપણે એ પણ જોવું પડશે કે શું કેપ્ટનશીપના દબાણની અસર તેમની બેટિંગ પર પડી રહી છે.' ઋષભ પંત માટે મુશ્કેલીઓ માત્ર આઈપીએલ પૂરતી સીમિત નથી.

## અર્શદીપે 200થી વધુ ઇન્સ્ટા. પોસ્ટ ડિલીટ કરી

મુંબઈ

ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે પંજાબ કિંગ્સના IPL સીઝનમાંથી બહાર થયા પછી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી 200થી વધુ પોસ્ટ ડિલીટ કરી દીધી. તેણે પ્રોફાઈલ ફોટો પણ બદલી નાખ્યો. પંજાબના બહાર થયા પછી તેને ચાહકોની ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો હતો. જોકે, પોસ્ટ ડિલીટ કરવાનું સાચું કારણ સામે આવ્યું નથી.




વિરાટ કોહલી સાથેની વાઈરલ રીલ પણ સામેલ છે, જેમાં અર્શદીપે મજાકમાં કોહલીને કહ્યું હતું કે મોટો ટાર્ગેટ હોત તો તે સતત ત્રીજી સેન્ચુરી લગાવી શકતો હતો. આ વીડિયોને 1.5 કરોડથી વધુ વ્યૂઝ મળ્યા હતા.

અર્શદીપના લાઈવ સ્ટ્રીમિંગમાં યુઝવેન્દ્ર ચહલ ઈ-સિગારેટ (વેપિંગ) પીતા જોવા મળ્યો હતો.

તિલક વર્માને અંધેરો કહ્યો હતો. પૂર્વ સ્પિનર લક્ષ્મણ શિવરામકૃષ્ણને તેને જાતિવાદી ગણાવ્યો હતો. BCCI એ સોશિયલ મીડિયા ગાઈડલાઈન જાહેર કરી હતી તાજેતરમાં PTI એ દાવો કર્યો હતો કે પંજાબ કિંગ્સના ખેલાડીઓ સાથે સંબંધિત વીડિયો હવે ફક્ત ફ્રેન્ચાઇઝીના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવશે. રિપોર્ટ અનુસાર, ટીમ મેનેજમેન્ટ ખેલાડીઓને BCCI ની સોશિયલ મીડિયા ગાઈડલાઈનનું પાલન કરવા નિર્દેશ આપવાનું હતું. અર્શદીપ માત્ર 14 વિકેટ જ લઈ શક્યો, પંજાબ લીગ સ્ટેજમાંથી બહાર આ IPL માં અર્શદીપનું પ્રદર્શન ખાસ રહ્યું ન હતું. તે 14 મેચમાં માત્ર 14 વિકેટ જ લઈ શક્યો. તેણે 10 થી વધુની ઈકોનોમીથી રન ખર્ચ કર્યા. પંજાબ કિંગ્સ પણ પ્લેઓફમાં સ્થાન બનાવી શકી ન હતી.

**2 ગોલ્ડ મેડલ, 1 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ મેળવી ઈતિહાસ રચ્યો**

## હિમાચલ પ્રદેશમાં નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં અમદાવાદની વિદ્યાર્થીનીઓની ગૌરવશાળી જીત

મુંબઈ

ઓલ ઈન્ડિયા વાડો કાઈ કરાટે એસોસિયેશને નેશનલ કરાટે ચેમ્પિયનશિપનું હિમાચલ પ્રદેશના ધર્મશાલા સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં 24 મે 2026ના રોજ આયોજન કર્યું હતું. જેમાં ભારતમાંથી ભાગ લેનાર રાજ્ય, પશ્ચિમ બંગાળ, વિશાખાપટ્ટનમ, મહારાષ્ટ્ર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, આસામ, પંજાબ, ઓડિશા તેમજ અન્ય ઘણા રાજ્યોના વિદ્યાર્થીઓ અંદાજિત 600 કરતા પણ વધારે વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

ત્યારે આમાં ગુજરાતના અમદાવાદની પાંચ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો જેમાં કાતા અને કુમિતે 2 ગોલ્ડ મેડલ, 1 સિલ્વર અને 4 બ્રોન્ઝ



મેડલ મેળવી ઈતિહાસ રચ્યો છે. આ વિજેતા વિધાર્થિનીઓ ઑગસ્ટ 2026માં આવતી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ રમવા માટે થાઈલેન્ડ જશે.

આ વિધાર્થિનીઓને કરાટેની ટ્રેનિંગ 'સન્સઈ' અક્ષય ચૌહાણ માહી કરાટે ઝોન પ્રેસિડેન્ટે આપી હતી.

## T20માં પહેલી બેવડી સદી ફટકારીશ: વૈભવ સૂર્યવંશી

**જો હું કોઈ પણ મેચમાં પૂરેપૂરી 20 ઓવર રમી જઈશ, તો હું ચોક્કસપણે આ રેકોર્ડ તોડી નાખીશ**

મુંબઈ

ભારતના વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ જાહેરાત કરી છે કે, 'હું T20 ક્રિકેટમાં ઈતિહાસની પહેલી બેવડી સદી (Double Century) ફટકારીશ.' આ જાહેરાતથી વિરોધી ટીમના બોલરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. T20 ક્રિકેટના ઈતિહાસમાં આજ સુધી દુનિયાનો કોઈ પણ બેટ્સમેન બેવડી સદી ફટકારી શક્યો નથી. T20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટી વ્યક્તિગત ઈનિંગ રમવાનો વર્લ્ડ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ બેટ્સમેન ક્રિસ ગેલના નામે નોંધાયેલો છે. ક્રિસ ગેલે 23 એપ્રિલ 2013ના રોજ પુણે વોરિયર્સ ઈન્ડિયા (PWI) સામેની આઈપીએલ (IPL) મેચમાં 175 રનની વર્લ્ડ રેકોર્ડ ઈનિંગ રમી હતી. ત્યારબાદ અત્યાર સુધીમાં 13 વર્ષ વીતી ગયા છે, પરંતુ કોઈ પણ આઈપીએલમાં ક્રિસ ગેલના આ વર્લ્ડ રેકોર્ડને સ્પર્શી શક્યું નથી. પરંતુ




ભારતનો એક એવો યુવા બેટ્સમેન છે, જે માત્ર ક્રિસ ગેલનો આ રેકોર્ડ તોડવાની જ નહીં પરંતુ T-20 ક્રિકેટમાં પહેલી બેવડી સદી ફટકારવાની ક્ષમતા પણ ધરાવે છે. ભારતના માત્ર 15 વર્ષના વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ જાહેરાત કરી છે કે, 'હું T20 ક્રિકેટમાં પહેલી બેવડી સદી ફટકારીશ.' 'ધ સ્વિચ' (The Switch) ના તાજેતરના એપિસોડમાં ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર કેવિન પીટરસન સાથે વાતચીત કરતા વૈભવ સૂર્યવંશીએ કહ્યું હતું કે, 'હું ઈતિહાસ રચવાની તૈયારી કરી રહ્યો છું.' વૈભવ સૂર્યવંશીએ કહ્યું કે, 'હું T20 ક્રિકેટમાં 200 રન બનાવવા માંગુ છું.' જ્યારે કેવિન પીટરસને તેને યાદ અપાવ્યું કે 'ક્રિસ ગેલ 175 રન બનાવી ચૂક્યો છે.' ત્યારે આ યુવા ખેલાડીએ પોતાના લક્ષ્ય પર વધુ ભાર મૂકતા કહ્યું, 'હા, હું ક્રિસ ગેલનો રેકોર્ડ તોડીને T20 ક્રિકેટમાં પહેલી બેવડી સદી બનાવવા માંગુ છું. જો હું કોઈ પણ મેચમાં પૂરેપૂરી 20 ઓવર રમી જઈશ, તો હું ચોક્કસપણે આ રેકોર્ડ તોડી નાખીશ.' ડાબોડી વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીમાં T20 ક્રિકેટમાં બેવડી સદી ફટકારવાની ક્ષમતા છે. બેટિંગની સાથે તે લેફ્ટ આર્મ સ્પિન બોલિંગ પણ કરે છે. વૈભવ ક્રિઝ પર આવતાની સાથે જ દુનિયાના મોટામાં મોટા બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખે છે. વૈભવે 25 એપ્રિલ 2026ના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની IPL મેચમાં માત્ર 36 બોલમાં સદી ફટકારી દીધી હતી. આ પહેલા આ જ ડાબોડી બેટ્સમેને 28 એપ્રિલ 2025ના રોજ ગુજરાત ટાઈટન્સ (GT) સામે માત્ર 35 બોલમાં સદી ફટકારી હતી. વૈભવ સૂર્યવંશીએ 21 IPL મેચોમાં 39.96ની એવરેજ અને 223.87ના આક્રમક સ્ટ્રાઈક રેટથી 835 રન બનાવ્યા છે, જેમાં 2 સદી અને 4 અર્ધસદી સામેલ છે.



**AI અને ચિપ સેક્ટરમાં તેજીથી માર્કેટ કેપ ₹415 લાખ કરોડને પાર**

## ભારતીય શેરબજારને તાઈવાને પાછળ છોડ્યું

મુંબઈ

તાઈવાને શેરબજારના મૂલ્ય (માર્કેટ કેપ)ના મામલે ભારતને પાછળ છોડી દીધું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના યુગમાં વિશ્વની સૌથી મોટી ચિપમેકર કંપની 'તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની' (TSMC)ના શેરોમાં આવેલી ભારે તેજીએ તાઈવાનને આ લીડ અપાવી છે. બ્લૂમબર્ગ અનુસાર, સોમવાર સુધીમાં તાઈવાનનું માર્કેટ કેપ 4.95 ટ્રિલિયન ડોલર (લગભગ 415 લાખ કરોડ રૂપિયા) પર પહોંચી ગયું, જ્યારે ભારતનું મૂલ્ય ઘટીને 4.92 ટ્રિલિયન ડોલર (લગભગ 413 લાખ કરોડ રૂપિયા) થઈ ગયું છે. હવે વિશ્વના ટોપ-5 શેરબજારોમાં અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ પછી તાઈવાનનું નામ સામેલ થઈ ગયું છે. તાઈવાનની જીત




પાછળ ચિપ કંપનીનો હાથ તાઈવાનના શેરબજારની આ છલાંગનું સૌથી મોટું કારણ TSMC કંપની છે. તાઈવાનના મુખ્ય ઈન્ડેક્સમાં આ એકલી કંપનીનો 42% હિસ્સો છે. આ વર્ષે અત્યાર સુધી કંપનીના શેરોમાં 49% નો વધારો નોંધાયો છે. આખી દુનિયામાં AI ટેકનોલોજી માટે ઉપયોગમાં લેવાતા સેમિકન્ડક્ટર્સ (ચિપ્સ) ના સપ્લાયમાં આ કંપનીનો દબદબો છે, જેનો ફાયદો તાઈવાનના બજારને મળી રહ્યો છે. તાજેતરમાં તાઈવાનના રેગ્યુલેટરે રોકાણના નિયમોમાં છૂટછાટ આપી છે. હવે સ્થાનિક ફંડ કોઈ એક મોટી કંપનીમાં પોતાની નેટ એસેટના 25% સુધી રોકાણ કરી શકે છે, પહેલા આ મર્યાદા માત્ર 10% હતી. હાલમાં માત્ર TSMC જ આ માપદંડને પૂર્ણ કરે છે. જેપી મોર્ગન અનુસાર, આ બદલાવથી તાઈવાનના બજારમાં 6 અબજ ડોલર (લગભગ 50 હજાર કરોડ રૂપિયા) નું વધારાનું રોકાણ આવી શકે છે. વિદેશી રોકાણકારોએ ભારતમાંથી 2 લાખ કરોડ પાછા ખેંચ્યા ભારતીય શેરબજાર માટે આ વર્ષ પડકારજનક રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી આશરે 24 અબજ ડોલર (આશરે 2 લાખ કરોડ) પાછા ખેંચ્યા છે. તેનું મુખ્ય કારણ ભારતીય શેરોનું ઊંચું વેલ્યુએશન અને રૂપિયાની નબળાઈ રહ્યું છે.

**2013 અને 2019 વચ્ચે સરેરાશ 34 ટન પ્રતિ ક્વાર્ટર રહી અને હવે 2026માં ઈમ્પોર્ટ વધારા પછી સાવચેતી જરૂરી**

## ભારતમાં સોનાની માંગમાં 50-60 ટનનો ઘટાડો થઈ શકે છે : WGC

મુંબઈ

સરકારે સોના પરની આયાત ડ્યુટી ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કર્યા પછી ૨૦૨૬માં ભારતમાં સોનાની માંગમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના તાજેતરના અહેવાલ મુજબ આ વર્ષે ઘરેણાં, સોનાના બાર અને સિક્કાઓની સંયુક્ત માંગમાં આશરે ૫૦-૬૦ ટનનો ઘટાડો થઈ શકે છે, જે ગયા વર્ષની તુલનામાં લગભગ ૧૦ ટકાનો ઘટાડો છે. અહેવાલમાં જણાવાયું છે કે આયાત ડ્યુટીમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો છે. ભાવમાં વધઘટ, આવક સ્તરમાં ફેરફાર, ફુગાવો અને ચોમાસા જેવા પરિબળો પણ માંગને પ્રભાવિત કરશે. ડબલ્યુજીસી અનુસાર સોનાના દાગીનાની માંગ પ્રમાણમાં સ્થિર રહે છે કારણકે તે લગ્નો અને સામાજિક પરંપરાઓ સાથે સંકળાયેલી છે, જ્યારે રોકાણ માંગ - જેમ કે સોનાના સિક્કા અને બાર -



નીતિગત ફેરફારો અને આયાત ડ્યુટી પ્રત્યે વધુ સંવેદનશીલ છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આયાત જકાતમાં ફેરફારની અસર ફક્ત ટૂંકા ગાળાની જ નહીં પણ લાંબા ગાળાની પણ છે. એકવાર દાણચોરી અથવા અનધિકૃત સપ્લાય નેટવર્ક સ્થાપિત થઈ જશે, પછી આ ગેરકાયદેસર આયાતજાળને તોડી પાડવી મુશ્કેલ બનશે તેથી સરકારે સાવચેતીપૂર્વક આગળ વધવું પડશે. વિશ્લેષણમાં ડબલ્યુજીસીએ જણાવ્યું કે ૨૦૧૩માં ડ્યુટી વધારા પછી અનધિકૃત સોનાની આયાત આશરે ૧૦ ટનથી વધીને ૭૦ ટન થઈ ગઈ હતી. ત્યારબાદ ૨૦૧૩ અને ૨૦૧૯ વચ્ચે તે સરેરાશ ૩૪ ટન પ્રતિ ક્વાર્ટર રહી હતી. તેવી જ રીતે ૨૦૨૨માં ડ્યુટી વધારા પછી પણ ગેરકાયદેસર આયાતમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો. સરકારે સોના પરની આયાત ડ્યુટી ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કર્યા પછી ૨૦૨૬માં ભારતમાં સોનાની માંગમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના તાજેતરના અહેવાલ મુજબ આ વર્ષે ઘરેણાં, સોનાના બાર અને સિક્કાઓની સંયુક્ત માંગમાં આશરે ૫૦-૬૦ ટનનો ઘટાડો થઈ શકે છે.


**સોનાનો વાયદો રૂ.1292 અને ચાંદીનો વાયદો રૂ.5618 ઘટ્યો**

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.269ની વૃદ્ધિ

**કોમોડિટી વાયદાઓમાં રૂ.29179.66 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.487539.88 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18747.33 કરોડનાં કામકાજ**

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.516719.54 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.29179.66 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.487539.88 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2624.51 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 18747.33 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.158789ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158789 અને નીચામાં રૂ.157735ના મથાળે અથડાઈ, રૂ.159081ના આગલા બંધ સામે રૂ.1292 ઘટી રૂ.157789ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.922 ઘટી રૂ.126524ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.152 ઘટી રૂ.15789 થયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.1196 ઘટી રૂ.157319ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.158299ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158299 અને નીચામાં




રૂ.157244ના સ્તરને સ્પર્શી, રૂ.158506ના આગલા બંધ સામે રૂ.1103 ઘટી રૂ.157403ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.274727ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.274727 અને નીચામાં રૂ.269913ના મથાળે અથડાઈ, રૂ.276716ના આગલા બંધ સામે રૂ.5618 ઘટી રૂ.271098ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.5356 ઘટી રૂ.275058ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.5291 ઘટી રૂ.275080ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4514.74 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.6.55 ઘટી રૂ.1341ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો 30 પૈસા ઘટી રૂ.374.35ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો 75 પૈસા વધી રૂ.387.4ના સ્તરે પહોંચ્યો હતો.

સીસું મે વાયદો રૂ.1.05 વધી રૂ.204.4ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 5830.86 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4949ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5003 અને નીચામાં રૂ.4930ના મથાળે અથડાઈ, રૂ.56 વધી રૂ.4999ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.8778ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8980 અને નીચામાં રૂ.8749ના મથાળે અથડાઈ, રૂ.8626ના આગલા બંધ સામે રૂ.269 વધી રૂ.8895ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.268 વધી રૂ.8895 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.2.5 વધી રૂ.280 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.2.2 વધી રૂ.279.8 થયો હતો.

## સેન્સેક્સ 479 અંક ઘટીને 76,009 પર બંધ થયો

**■ નિફ્ટી પણ 118 અંક તૂટ્યો, બેંકિંગ અને ફાર્મા શેરોમાં વેચવાલી, રોકાણકારો ચિંતામાં મૂકાયા**

મુંબઈ

મંગળવારે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો અને પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય પરિસ્થિતિઓ અંગે વધતી અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોનું વલણ ધીમું રહ્યું. તેની અસર મુખ્ય સૂચકાંકો પર સ્પષ્ટપણે દેખાઈ રહી હતી. શેરબજારમાં ઘટાડો બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 479.26 પોઈન્ટના ઘટાડા સાથે 76,009.70 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 98.15 પોઈન્ટના ઘટાડા સાથે 23,933.55 અંકે બંધ થયો. વ્યાપક બજારોમાં મિશ્ર વલણો મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં મિશ્ર પ્રદર્શન જોવા મળ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.25 ટકા વધ્યો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.53 ટકા મજબૂત થયો. નોંધનીય છે કે, નિફ્ટી મિડકેપ 100 એ પણ 62,324.20 ની નવી સર્વકાલીન ઉચ્ચતમ સપાટીને સ્પર્શ કર્યો. ક્ષેત્રીય મોરચે, બજારમાં વિવિધ વલણો જોવા મળ્યા. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, નિફ્ટી પીએસયુ બેંક અને નિફ્ટી પ્રાઈવેટ બેંક સૂચકાંકો દબાણ હેઠળ રહ્યા. તેનાથી વિપરીત, નિફ્ટી આઈટી અને નિફ્ટી મેટલ ક્ષેત્રોએ સારો દેખાવ કર્યો, જેનાથી બજારને થોડો ટેકો મળ્યો. ઈરાન પર અમેરિકાના હુમલાઓ અંગે ચિંતા વધી અહેવાલો અનુસાર, અમેરિકાએ મંગળવારે સવારે દક્ષિણ ઈરાનમાં નવા હવાઈ હુમલા કર્યા. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી યુએસ સૈનિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી હતી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવની પણ ક્રૂડ ઓઈલના ભાવ પર અસર પડી.

# AMCના નવા હોદ્દેદારોની સત્તાવાર વરણી : અમદાવાદના નવા મેયર બન્યા હિતેશ બારોટ

- **શહેરના વિકાસકાર્યોને વેગ આપવા માટે ભાજપ મોવડીમંડળ દ્વારા આખરી મહોર**
- **નવા પદાધિકારીઓની જાહેરાત થતાં જ કાર્યકરોમાં ભારે ઉત્સાહ**



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના આગામી અઢી વર્ષના કાર્યકાળ માટે નવા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. સવારથી જ કૌતુકનો વિષય બનેલા મેયર પદના સસ્પેન્સ પરથી આખરે પડદો ઊંચકાયો છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા નક્કી કરાયેલા મેન્ડેટ મુજબ, અમદાવાદના નવા પ્રથમ નાગરિક એટલે કે મેયર તરીકે હિતેશ બારોટના નામ પર મહોર મારવામાં આવી છે. આ જાહેરાતની સાથે જ કોર્પોરેશનના અન્ય મહત્વના પદો માટે પણ લાયક અને અનુભવી ચહેરાઓની પસંદગી કરવામાં આવી છે.

રાજકીય સમીકરણો અને પસંદગીની વ્યૂહરચના: અમદાવાદ કોર્પોરેશનમાં ભાજપ શાસિત બોર્ડ દ્વારા લેવાયેલા આ નિર્ણયમાં આગામી સમયની લોકસભા અને સ્થાનિક ચૂંટણીઓના સમીકરણોને ખાસ ધ્યાને રાખવામાં આવ્યા છે. હિતેશ બારોટ લાંબા સમયથી સંગઠન અને કોર્પોરેશનની કામગીરીમાં સક્રિય રહ્યા છે, અને તેમની વહીવટી કુશળતાને જોતા પક્ષે તેમના પર ભરોસો મૂક્યો છે. સિનિયોરિટી અને જ્ઞાતિગત સમીકરણોની સાથે સાથે ભૌગોલિક સંતુલન જળવાઈ રહે તે રીતે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના તમામ વિસ્તારોને આ નવી ટીમમાં પ્રતિનિધિત્વ આપવાનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નવા હોદ્દેદારો સામેના મુખ્ય પડકારો: સત્તા સંભાળતાની સાથે જ નવી ટીમ સામે અમદાવાદ શહેરના અનેક મહત્વના પ્રશ્નો અને પ્રોજેક્ટ્સ લાઈનમાં છે: ચોમાસા પૂર્વેની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ-રસ્તાનું સમારકામ. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાનું કાયમી નિવારણ. પૂર્વ વિસ્તારમાં પાણી અને ડ્રેનેજ લાઈનોનું આધુનિકીકરણ. બજેટ આધારિત વિકાસકાર્યોને સમયમર્યાદામાં પૂરા કરવા. નવા હોદ્દેદારોના નામ જાહેર થતા જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરી (દાણાપીઠ) તેમજ વિવિધ વોર્ડ ઓફિસો ખાતે ફટાકડા ફોડીને અને મોં મીઠા કરાવીને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમર્થકો અને કાર્યકરોએ નવા મેયર હિતેશ બારોટ અને તેમની ટીમને ફૂલહાર પહેરાવીને જીતના નારા લગાવ્યા હતા. નવા વરાયેલા પદાધિકારીઓએ હાઈકમાન્ડનો આભાર માનતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીના નેતૃત્વમાં અમદાવાદને વૈશ્વિક સ્તરનું મેગા સિટી બનાવવા માટે તેઓ રાત-દિવસ જોયા વગર પ્રજાહિતના કાર્યો કરશે.

### અમદાવાદના મેયર હિતેશ બારોટનો એક્શન પ્લાન!

અમદાવાદના નવા મેયર તરીકે નિયુક્ત થયા બાદ હિતેશ બારોટે શહેરના વિકાસ, ટ્રાફિકની ગંભીર સમસ્યા, ચોમાસાની પૂર્વતૈયારીઓ અને ભવિષ્યના મેગા પ્રોજેક્ટ્સને લઈને એક ખાસ વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'અમદાવાદ દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે અને તેને ગ્લોબલ લેવલ પર વધુ વિકસિત બનાવવું એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રહેશે.' આ ઉપરાંત આગામી સમયમાં અમદાવાદ ખાતે આયોજિત થનારી ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓને લઈને પણ તેમણે સકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો.

### મેયર તરીકે સૌથી પહેલી પ્રાથમિકતા કઈ રહેશે?

અમદાવાદના નવા મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે, 'અમદાવાદ શહેરના દરેક નાગરિકની જે કોઈ પાયાની જરૂરિયાત છે, તે પૂરી કરવી એ મારી સૌથી પહેલી પ્રાથમિકતા રહેશે. આપણું અમદાવાદ પહેલેથી જ અગ્રેસર છે, પરંતુ તેને દેશનું સૌથી વધુ વિકસિત અને સુવિધાજનક શહેર બનાવવા માટે હું અને મારી ટીમ સતત પ્રયાસ કરીશું.'

### કયા કયા બાકી કામો પૂરા કરવા પર તમારી પ્રાયોરિટી રહેશે?

અમદાવાદના નવા મેયર હિતેશ બારોટ: 'કોર્પોરેશનમાં કોઈ કામ ક્યારેય બાકી રહેતું નથી, વિકાસકામો તો એક અવિરત ચાલતી પ્રક્રિયા છે. સમય પ્રમાણે દરેક વસ્તુ નવી જ કરવાની હોય છે. જનતાની અપેક્ષાઓ રોજ બદલાતી હોય છે, તેથી હું દરેક નાગરિકને તેમની રોજિંદી જરૂરિયાત પ્રમાણેના તમામ સ્માર્ટ કામો સમયસર આપવાનો પૂરો પ્રયાસ કરીશ.'

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખોખરા વોર્ડના કર્મઠ કોર્પોરેટર

# કમલેશ પટેલની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે શાનદાર વરણી કરાઈ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સૌથી મહત્વની ગણાતી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદના સસ્પેન્સનો આખરે અંત આવ્યો છે. ખોખરા વોર્ડના લોકપ્રિય અને જન-જનના પ્રશ્નોને વાચા આપનારા કર્મઠ કોર્પોરેટર શ્રી કમલેશભાઈ પટેલની સ્ટેન્ડિંગ કમિટીના નવા ચેરમેન તરીકે સત્તાવાર વરણી કરવામાં આવી છે. તેમની આ નિમણૂકથી પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ ગયો છે.

શ્રી કમલેશ પટેલ લાંબા સમયથી પાયાના સ્તરે લોકો સાથે જોડાયેલા રહ્યા છે. ખોખરા વોર્ડમાં તેમના નેતૃત્વ હેઠળ અનેક વિકાસ કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. તેમની વહીવટી કુશળતા, સાદગી અને સંગઠન પરની મજબૂત પકડને ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા તેમને આ મોટી અને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. રાજકીય વિશ્લેષકોના મતે, કમલેશભાઈના ચેરમેન બનવાથી અમદાવાદ શહેરના વિકાસ કાર્યોને વધુ ગતિ અને નવી દિશા મળશે.

ચેરમેન તરીકે પદભાર સંભાળતા જ



શ્રી કમલેશ પટેલે પક્ષના મોવડીમંડળનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, 'અમદાવાદ શહેરના નાગરિકોની સુવિધા અને સુખાકારી એ જ મારી પ્રાથમિકતા રહેશે અને તમામ વોર્ડના વિકાસ કાર્યોને સમાન ન્યાય આપવામાં આવશે.'

**॥ હાર્દિક શુભકામનાઓ ॥**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સર્વોચ્ચ અને મહત્વપૂર્ણ સમિતિ એવી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ખોખરા વોર્ડના યશસ્વી કોર્પોરેટર શ્રી કમલેશભાઇ પટેલની વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

આપના કુશળ, દુરંદેશી અને પ્રગતિશીલ નેતૃત્વ હેઠળ આપણું અમદાવાદ શહેર વિકાસના નવા શિખરો સર કરે અને પ્રજાલક્ષી કાર્યો અવિરતપણે વેગવંતા બને તેવી ઈશ્વર ચરણોમાં પ્રાર્થના. આપનો આ નવો કાર્યકાળ યશસ્વી અને પ્રેરણાદાયી નીવડે તેવી મંગલ કામનાઓ.

**શુભેચ્છક:**
**પવન માકન**
**(ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત ન્યૂઝ)**
**તથા 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પરિવાર**

## અમદાવાદમાં પોલીસની મોટી કાર્યવાહી

# છારોડીના 'ઓપ્શિડિયલ કેફે'માં ચાલતા હુક્કાબાર ઉપર સોલા પોલીસનો દરોડો

અમદાવાદ

શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. અમદાવાદના એસ.જી. હાઈવે નજીક આવેલા છારોડી વિસ્તારમાં ધમધમતા એક કેફેમાં સોલા પોલીસે બાતમીના આધારે દરોડા પાડીને હુક્કાબારના મસમોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી મુજબ, છારોડીમાં આવેલા 'ઓપ્શિડિયલ કેફે' (Obsidial Cafe) માં યુવાધનને નશાના રવાડે ચડાવતું ગેરકાયદેસર હુક્કાબાર ચાલી રહ્યું હોવાની ગુપ્ત માહિતી સોલા પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે મોડી રાત્રે કેફે પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની



આ અચાનક કાર્યવાહીથી કેફે સંચાલકો અને ત્યાં હાજર ગ્રાહકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

રૂ. ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત સોલા પોલીસે ઘટનાસ્થળેથી અંદાજે રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં પોલીસે: ૧૨ નંગ હુક્કા હુક્કા માટે વપરાતી અન્ય સામગ્રીઓ અને ચિરોટીઓ કબજે કરી છે. બે આરોપીઓની ધરપકડ આ ગેરકાયદેસર હુક્કાબાર ચલાવવા બદલ પોલીસે સ્થળ પરથી બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે, જેમની ઓળખ મયંક ગોરવીયાળા અને રોહિત મહાવર તરીકે થઈ છે. સોલા પોલીસે આ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેફે કેટલા સમયથી ચાલી રહ્યું હતું અને તેમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે નહીં, તે દિશામાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ગુજરાતમાં હુક્કાબાર પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં, આવા કેફેના ઓઠા હેઠળ ચાલતા નશાના અડ્ડાઓ સામે પોલીસની આ કડક કાર્યવાહીથી અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# નિકોલ-કઠવાડામાં ગેરકાયદે બાંધકામોમાં પણ ગટર, પાણી અને વીજળીની સુવિધા!

## સ્થાનિકોના જણાવ્યાનુસાર, નિકોલ 1/2/3 નવા વિકસિત વિસ્તારમાં રહેણાક અને કોમર્શિયલ બાંધકામોનો રાફડો ફાટ્યો છે!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગેરકાયદે બાંધકામો સામે કડક કાર્યવાહીનો દાવો કરતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કાર્યવાહી સામે નિકોલ-કઠવાડા વિસ્તારમાં ફરી સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાંથી ઉઠતી ફરિયાદો મુજબ, કેટલાક સ્થળોએ કોર્પોરેશન દ્વારા કલમ 260, 260(1) અને 260(2) હેઠળ નોટિસો ફટકારીને સીલ મારવામાં આવ્યા હોવા છતાં બાદમાં સીલ તોડી ફરીથી કોમર્શિયલ પ્રવૃત્તિ શરૂ કરી દેવાઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યાનુસાર, નિકોલ 1/2/3 નવા વિકસિત વિસ્તારમાં રહેણાક



અને કોમર્શિયલ બાંધકામોનો રાફડો ફાટ્યો છે! ભક્તિ સર્કલ નજીક પેટ્રોલ પંપ સામેના વિસ્તારમાં ખેતીલાયક જમીન પર બિન ખેતી (NA) મંજૂરી વિના શેડ, ગેરેજ અને ખાણી-પીણી સંબંધિત ધંધાકીય પ્રવૃત્તિઓ શરૂ થઈ છે. અહીં અનેક સ્થળે કોર્પોરેશને ગેરકાયદે બાંધકામો સામે લાલ આંખ કરીને કામ બંધ કરાવી દીધા હતા, પરંતુ લગભગ બધે જ આવા દબાણો ફરી ચાલુ થઈ ગયા છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, આવા બાંધકામો અને ધંધાકીય પ્રવૃત્તિઓના કારણે વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. ગેરકાયદે પાર્કિંગ અને વધતી અવરજવરથી રસ્તા પર દબાણ સર્જાઈ રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, આ તમામ ગેરકાયદે બાંધકામોમાં ગટર, પાણી અને વીજળી જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે, જેના કારણે જરૂરી મંજૂરી અને પ્રક્રિયાઓ અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

આ તત્વો સામે અનેક ફરિયાદો બાદ ટૂંકા સમય માટે કાર્યવાહી થતી હોવા છતાં લાંબા ગાળે સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળતો નથી. અહીંના રહેવાસીઓ ગેરકાયદે પ્રવૃત્તિ અંગે વારંવાર રજૂઆતો કરે છે, પરંતુ સ્થિતિ જૈસે થે જેવી છે.

બીજી તરફ અમદાવાદ કોર્પોરેશન સત્તાવાર રીતે જણાવે છે કે, અમે સમયાંતરે દબાણ હટાવો અભિયાન અને ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરીએ છીએ. જો કે, કોર્પોરેશનના વલણ મુજબ ગેરકાયદે બાંધકામો સામે કાયદેસરની કાર્યવાહી કરાય છે.

## મકરબામાં રેપીડો એપથી કેબ બુકીંગ કરીને 5 લાખની લૂંટ કરી

# ડ્રાઈવરને બંધક બનાવી છરીની અણીએ રોકડા, દાગીના અને ગાડી લૂંટી 4 શખ્સો રફૂચક્કર થયા..!

અમદાવાદ

અમદાવાદમાં રેપિડો એપ્લિકેશનથી કેબ બુક કરાવી ચાર અજાણ્યા શખ્સોએ ડ્રાઈવરને માર મારીને પૈસા, દાગીના અને ગાડી સહિત 5 લાખથી વધુની લૂંટ ચલાવી છે. લૂંટારૂઓએ ડ્રાઈવરને મારમારીને લૂંટી ગાડીમાંથી નીચે ઉતારી દીધો હતો. આનંદનગર પોલીસે ચાર અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

રામોલ વિસ્તારમાં આવેલા શરણમ એલીગન્સમાં રહેતા રજનીકાંત રાવળ રોજની જેમ પોતાની કાર લઈને રાત્રે કમાણી માટે નીકળ્યા હતા. રાત્રે વેજલપુર ખાતે આવેલી રજવાડુ હોટલ પાસે બે મહિલા પેસેન્જરને ઉતાર્યા બાદ રજનીકાંત



બીજી ટ્રીપની રાહમાં પ્રહલાદનગર વિસ્તારમાં ઉભા રહ્યા હતાં. રાત્રે લગભગ બે વાગ્યે અચાનક રેપીડો એપ પર એક બુકિંગ ફ્લેશ થયું.

કૃષ્ણધામ ઔડાનું પિકઅપ લોકેશન હતું, જેથી રજનીકાંતે તરત જ ટ્રીપ સ્વીકારી લીધી. કારણ કે મધરાતની ટ્રીપ એટલે વધુ કમાણી. જ્યારે તેઓ પીકઅપ લોકેશન પર પહોંચ્યા ત્યારે આખો વિસ્તાર શાંત હતો. રોડ પર અંધારું અને આસપાસ કોઈ દેખાતું નહોતું. રજનીકાંતે પેસેન્જરને ફોન કર્યો. રજનીકાંત કાર લઈને મકરબા ફાટક તરફ પહોંચ્યા ત્યારે ચાર શખ્સો ઉભા હતા, ચારેયને બેસાડીને રજનીકાંત ટ્રીપ શરૂ કરી હતી.

કાર ધીમે ધીમે શહેરની લાઈટોથી દૂર અંધારામાં આગળ વધી રહી હતી. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું. પરંતુ થોડા સમય બાદ એક યુવકે કહ્યું ભાઈ, કાર સાઈડમાં રાખો, બાથરૂમ જવું છે. ડ્રાઈવર સીટની પાછળ બેઠેલા યુવકે અચાનક છરી કાઢીને રજનીકાંત(ડ્રાઈવર)ના ગળા પર મૂકી દીધી હતી. બાજુમાં બેઠેલા બીજા શખ્સે મુક્કા મારવાનું શરૂ કરી દીધું. બહાર ગયેલો યુવક પાછો આવ્યો અને રજનીકાંતને ડ્રાઈવર સીટ પરથી ખેંચીને બહાર કાઢી દીધા. ત્યારબાદ તેમને પાછળની સીટમાં બે લૂંટારૂઓની વચ્ચે બેસાડી દેવામાં આવ્યા જ્યારે એક શખ્સ કાર ચલાવવા લાગ્યો. લૂંટારૂઓએ રજનીકાંતનો મોબાઈલ કબજે કરીને બેંક એકાઉન્ટ ચેક કર્યું હતું.ઓનલાઈન બે હજાર ટ્રાન્સફર કર્યા બાદ ગળામાં પહેરેલી ચાંદીની ચેઈન પણ ખેંચી લીધી હતી. ત્યારબાદ આરોપીઓએ ધમકી આપી હતી. 'કોઈને ફોન કરીને 1 લાખ મંગાવ, નહીં તો તને મારી નાખીશું.' ડરના માર્યા રજનીકાંતે પોતાના મિત્રને ફોન કરીને એક લાખ રૂપિયા માંગ્યા હતા.

## અછત નથી, પેનિક બાઇંગના કારણે અફરાતફરી : સરકારનો દાવો

# ગુજરાતમાં ઇંધણના વેચાણમાં 80%નો ઉછાળો!

અમદાવાદ

ગુજરાતમાં હાલમાં પેટ્રોલ-ડીઝલની અછતને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ખોટી અફવાઓ અને પેનિક બાઈંગને કારણે રાજ્યના કેટલાક પેટ્રોલ પંપો પર થોડા સમય માટે સ્ટોક ખાલી થવાની સ્થિતિ સર્જાઈ રહી છે, પરંતુ રાજ્ય સરકાર અને ઓઇલ કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે ગુજરાતમાં ઈંધણની કોઈ કમી નથી પરંતુ લોકોના પેનિક બાઈંગના કારણે આ સ્થિતિ સર્જાઈ રહી છે.

ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી કેટલાક વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો અને નો સ્ટોકના બોર્ડ જોવા મળતાં લોકોમાં ચિંતાનો માહોલ હતો. જોકે, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના જણાવ્યા અનુસાર, આ સ્થિતિ કોઈ માળખાકીય અછતને કારણે નહીં, પરંતુ પેનિક બાઈંગ અને તેના કારણે વેચાણમાં થયેલા 80 ટકાથી વધુના માસિક વધારાને લીધે સર્જાઈ છે. જેવો પેટ્રોલ પંપ પર નવો સ્ટોક આવે છે, તે તરત જ વેચાઈ જાય છે. જેને કારણે ટર્મિનલ પરથી નવો જથ્થો ન આવે ત્યાં સુધીના ટૂંકા ગાળા માટે પંપો ડ્રાય જોવા મળી રહ્યા છે.

**રાજ્ય સરકારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે કે, સામાન્ય નાગરિકો માટે વાહનોમાં પેટ્રોલ કે ડીઝલ પુરાવવા પર કોઈ જ પ્રતિબંધ કે મર્યાદા લાદવામાં આવી નથી**

રાજ્ય સરકારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે કે, સામાન્ય નાગરિકો માટે વાહનોમાં પેટ્રોલ કે ડીઝલ પુરાવવા પર કોઈ જ પ્રતિબંધ કે મર્યાદા લાદવામાં આવી નથી. ખેતીવાડીના હેતુ માટે બેરલમાં 200 લીટર સુધી ડીઝલ આપવાની મંજૂરી છે. મોબાઈલ ટાવર્સ માટે 1,000 લીટર સુધી અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે ઔદ્યોગિક જરૂરિયાતો માટે અગાઉના વપરાશના આધારે ડીઝલનો



જથ્થો મળતો રહેશે. ઈંધણનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે પુરવઠા વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. દરેક જિલ્લામાં કયા પેટ્રોલ પંપ પર સ્ટોક ઓછો છે તેનું રીઅલ-ટાઈમ મેપિંગ કરવામાં આવી રહ્યું છે. IOCL, BPCL અને HPCL જેવી સરકારી ઓઈલ કંપનીઓ સાથે રોજ સમીક્ષા બેઠક યોજીને જ્યાં સ્ટોક ઓછો હોય ત્યાં પ્રાધાન્યના ધોરણે ટેન્કરો રવાના કરવા સૂચના અપાઈ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI